# પ્રકરણ પાંચમું

## માહિતીનું પૃથક્કરણ અને તારણો

### માહિતી એકઠી કરતાં પત્રકો :

મુલાકાત અને કસોટીનાં સાધનોનો પોતાના સંશોધન માટે ઉપયોગ કરીને સંશોધકે નિયત કરેલા ૧૧૦૦ વિદ્યાર્થીઓના વાપર શબ્દોના નમૂના મેળવ્યા. ત્યારપછી સૌ પ્રથમ સંશોધકે શહેરના શ્રેણી ૧ તથા શ્રેણી ૨ ના વિદ્યાર્થીઓનાં ટેઇપ કરેલા ઉત્તરો વારંવાર સાંભળ્યા અને પછી તેના ઉત્તરો કાગળ પર ઉતાર્યા. ત્યારબાદ ગામડાની શ્રેણી ૧ તથા શ્રેણી ૨ના ઉત્તરો પણ આજ રીતે કાગળ પર ઉતાર્યાં.

પહેલા તબક્કામાં સંશોધકે એક મોટું પત્રક બનાવ્યું તેમાં ઉભી બાજુ પર શબ્દો લખવાનું નક્કી કર્યું અને આડીબાજુ પર ખાનાં પાડી એક શાળાના વિદ્યાર્થીઓના ક્રમાંક લખવાનું રાખ્યું પહેલાં ક અક્ષર લીધો અને ક થી શરૂ થતા શબ્દો બારાખડી પ્રમાણે ઉભીબાજુ પર લખ્યા. શાળા નં. ૮ ના પહેલી શ્રેણીના દસ વિદ્યાર્થીઓને એક પછી એક લઇ તેમણે કયો શબ્દ કેટલી વાર વાપર્યો છે તેની નોંધ કરી.

પત્રક ૧ નો નમૂનો

| શ્રેણી ૨ | આંબાવાડી પ્રાથમિક શાળા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિદ્યાર્થીઓનો ક્રમ | | | | | | | | | | |
| શબ્દો | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | કુલ કેટલી વાર |
| પગ | ૧ | ૧ | | | ૧ | | | ૧ | | ૧ | ૫ |
| પવન | | ૨ | | | | | | | | | ૨ |
| પાણી | | | ૨ | | | | | ૪ | ૧ | ૨ | ૯ |
| પોપટ | | | ૧ | | | | | ૧ | | | ૨ |
| પોતાનું | | | | ૧ | | | | | | | ૧ |

૨

આજ રીતે શ્રેણી પહેલી, બીજી, ત્રીજી, ચોથી તથા પાંચમીના બધી શાળાના વિદ્યાર્થીઓ માટે સંશોધકે અલગ અલગ પત્રકો બનાવ્યાં. શ્રેણી પહેલી તથા બીજીમાં દરેકમાં ૧૦ વિદ્યાર્થીઓ હોવાથી વિદ્યાર્થી ક્રમાંકના ૧૦ ખાનાં રાખ્યાં. જ્યારે શ્રેણી ત્રીજી, ચોથી તથા પાંચમીમાં દરેકમાં ૩૦ વિદ્યાર્થીઓ હોવાથી ૩૦ ખાનાં વિદ્યાર્થી ક્રમાંક માટે રાખ્યાં. ત્યારબાદ દરેક વિદ્યાર્થીની ઉત્તરવહી લઇને "ક" થી શરૂ થતા જે શબ્દો તેણે વાપર્યાં હોય તેની સામે જેટલી વાર તે શબ્દ વાપર્યો હોય તેટલી સંખ્યા લખી. જે શબ્દ ન વાપર્યો હોય તેની સામે આડી લીટી દોરી.

આમ એક અક્ષર માટે ૫ શહેરની શાળાઓ તથા ૫ ગ્રામવિસ્તારની શાળાઓની પાંચ શ્રેણીના કુલ ૧૧૦૦ વિદ્યાર્થીઓના ૫૦ પત્રકો બન્યાં. આવા ૩૦ અક્ષરો જેવા કે અ, ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, મ, ય, ર, લ, વ, શ, સ, હ ના શબ્દોની યાદીવાળાં કુલ ૧૫૦૦ પત્રકો તૈયાર કર્યાં. આ રીતે શબ્દોની યાદી કરવાનું કામ ઘણી મહેનત અને સમય માગી લે તેવું નીવડ્યું.

ઉપરના પત્રક પરથી નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઇ.

૧. દરેક વિદ્યાર્થીએ દરેક અક્ષર પર કેટલા શબ્દો વાપર્યાં હતા.

૨. દરેક શ્રેણીમાં દરેક અક્ષર પર કેટલા શબ્દો વપરાયા.

૩. દરેક અક્ષર પર બધા વિદ્યાર્થીઓએ કુલ કેટલા શબ્દો વાપર્યા.

~~ત્રીજે તબક્કે સંશોધકે નવું પત્રક લઇ ઉપરના પત્રકનો આધારે~~

ત્યારપછી સંશોધકે બીજું મોટું પત્રક બનાવ્યું. પહેલા પત્રકની જેમ તેમાં ઊભી લીટી પર શબ્દો લખ્યા અને આડી લીટી પર ૧૦ શાળાઓનાં નામ લખ્યાં, જેમાં પહેલાં શહેરની શાળાઓનાં નામ લખ્યાં,પછી ગામડાંની શાળાઓનાં નામ લખ્યાં. ધોરણ પ્રમાણે પાંચ વિભાગો પાડયા. દરેક શ્રેણી પ્રમાણે દસ ખાનાં પાડી તેમાં દરેક શબ્દ દરેક શાળાના કુલ કેટલા વિદ્યાર્થીઓએ કેટલી વાર વાપર્યાં તે નોંધ્યું. આમ એક જ પત્રક પર એક સાથે બધા વિદ્યાર્થીઓએ વાપરેલા ક થી શરૂ થતા બધા શબ્દો એકત્રિત થયા.

બીજા પત્રકનો નમૂનો અલગ પાના પર છે.

પત્રક ૨ નો નમૂનો

શહેર અને ગ્રામ વિસ્તારની બધી શાળાઓ — શ્રેણી ૪

| શબ્દો | શ્રેણી ૧ શ્રેણી ૨ શ્રેણી ૩ | શ્રેણી ૪: ૧ અંજાર | ૨ મહેસાણા | ૩ શા. ૮ | ૪ શા. ૨૬ | ૫ શા. ૬૭ | કુલ | ૬ અમરેલી | ૭ બાબરા | ૮ કતારગામ | ૯ મગદલ્લા | ૧૦ મોટીવેડ | કુલ | એકંદર સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પસાર | | ૨/૨ | ૨/૨ | | | | ૪/૪ | | | ૧/૧ | | | ૧/૧ | ૫/૫ |
| પછી | | ૧૧/૨૩ | ૧૪/૨૧ | ૧૧/૧૮ | ૧/૧ | | ૩૭/૬૩ | ૧/૨ | ૭/૭ | ૪/૫ | ૯/૧૦ | ૧૮/૧૮ | ૩૯/૪૨ | |
| પ્રાણી | | | ૧/૧ | | ૯/૯ | | ૧૦/૧૦ | | | ૧/૩ | | ૧/૧ | ૨/૪ | ૧૨/૧૪ |

૫

ઉપરના પત્રક પરથી નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઇ.

૧. શબ્દોની કક્કાવાર યાદી;
૨. શહેરની જુદી જુદી શાળાના બધા વિદ્યાર્થીઓએ શ્રેણીવાર કયા શબ્દો કેટલી વાર વાપર્યા તે; અને
૩. ગામડાની શાળાના બધા વિદ્યાર્થીઓએ કયા શબ્દો કેટલી વાર વાપર્યા તે.

ત્રીજે તબક્કે નવું પત્રક લઇ સંશોધકે આડી બાજુ પર શ્રેણી તથા ગામડાં તેમ જ શહેરો લખ્યાં તથા ઊભી બાજુ પર શબ્દો લખ્યા. આ પત્રકમાં પ્રત્યેક અક્ષરના કયા શબ્દો કઇ શ્રેણીમાં પહેલી વાર, શહેરની શાળાઓમાં કે ગામડાંની શાળાઓમાં વપરાયા તથા તે જ શબ્દો ફરીથી કઇ કઇ શ્રેણીમાં વપરાયા તેને વિશે માહિતી એકઠી કરી.

## પત્રક ૩ નો નમૂનો

| શબ્દો | શ્રેણી - ૧ શહેર | શ્રેણી - ૧ ગામ | શ્રેણી - ૧ કુલ | શ્રેણી - ૨ શહેર | શ્રેણી - ૨ ગામ | શ્રેણી - ૨ કુલ | શ્રેણી - ૩ શહેર | શ્રેણી - ૩ ગામ | શ્રેણી - ૩ કુલ | શ્રેણી - ૪ શહેર | શ્રેણી - ૪ ગામ | શ્રેણી - ૪ કુલ | શ્રેણી - ૫ શહેર | શ્રેણી - ૫ ગામ | શ્રેણી - ૫ કુલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પગ | ૩૧ / ૩૧ | ૩૭ / ૪૧ | ૬૮ / ૭૨ | ૩૦ / ૩૦ | ૩૨ / ૩૪ | ૬૨ / ૬૪ | ૧૧૩ / ૧૨૩ | ૧૩૫ / ૧૯૭ | ૨૪૪ / ૪૨૦ | ૧૨૫ / ૧૫૩ | ૧૧૮ / ૧૭૧ | ૨૪૩ / ૩૨૪ | ૭૮ / ૮૮ | ૯૮ / ૧૧૬ | ૧૭૬ / ૨૦૪ | ૭૯૬ / ૧૦૮૪ |
| પછી | ૧૦ / ૧૨ | ૪ / ૧૧ | ૧૪ / ૨૩ | ૨ / ૩ | ૮ / ૧૫ | ૧૦ / ૧૮ | ૨૩ / ૪૧ | ૨૯ / ૪૨ | ૫૨ / ૮૩ | ૩૮ / ૬૩ | ૩૮ / ૪૨ | ૭૬ / ૧૦૫ | ૪૩ / ૭૪ | ૩૯ / ૬૧ | ૮૨ / ૧૩૫ | ૨૩૪ / ૩૬૪ |
| પાપડ | | | | ૨ / ૨ | | ૨ / ૨ | ૧ / ૧ | | ૧ / ૧ | ૩ / ૩ | ૨ / ૨ | ૫ / ૫ | ૬ / ૬ | ૩ / ૩ | ૯ / ૯ | ૧૭ / ૧૭ |

ઉપરના પત્રક પરથી નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઇ:

૧. શ્રેણી પ્રમાણે પહેલી વાર વપરાયેલા શબ્દો;

૨. શહેર અને ગામડાંની શાળાઓએ જુદી જુદી શ્રેણીમાં પહેલી વાર વાપરેલા શબ્દો; અને

૩. આ શબ્દો પ્રત્યેક શ્રેણીમાં કેટલા વિદ્યાર્થીઓએ કેટલી વાર વાપર્યા તે.

ચોથે તબક્કે સંશોધકે નવું પત્રક લઇ ઉપરના પત્રકને આધારે ટકાવારી પ્રમાણે વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોનું વિભાજન કર્યું. વિદ્યાર્થીની કુલ સંખ્યાના ૨૫ , ૫૦ , ૭૫ અને ૧૦૦ ટકા સુધીના ચાર ભાગ પાડ્યા. તેનાં ઊભાં ખાનાં રાખ્યાં. ઊભા ખાનામાં લખેલા શબ્દો જેટલા વિદ્યાર્થીઓએ વાપર્યા હોય તે પ્રમાણે તેને યોગ્ય ખાનામાં મૂકી એના છેદમાં એમણે એ શબ્દ કેટલી વાર વાપર્યો તે બતાવ્યું.

૮ નીચે આપેલા નમૂનાના પત્રક ઉપરથી આ વાત સ્પષ્ટ થશે:

પત્રક ૪નો નમૂનો

| શ્રેણી | ૧ ૨ ૩ ૪ | ૫ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શહેર | | | | ગામડું | | | |
| શબ્દો | | ૧થી ૩૭ | ૩૮ થી ૭૫ | ૭૬ થી ૧૧૨ | ૧૧૩ થી ૧૫૦ | ૧ થી ૩૭ | ૩૮ થી ૭૫ | ૭૬ થી ૧૧૨ | ૧૧૩ થી ૧૫૦ |
| પગ | | | | ૮૮/૮૮ | | | | | ૯૮/૧૧૬ |
| પછી | | | ૪૩/૭૪ | | | | ૩૯/૬૧ | | |
| પાપડ | | ૬/૬ | | | | ૩/૩ | | | |

આ પત્રક પરથી નીચેની માહિતી પ્રાપ્ત થઇ:

૧. ક્યો શબ્દ સૌથી વધારે વાર વપરાયો છે?

૨. ક્યો શબ્દ સૌથી ઓછી વાર વપરાયો છે?

૩. શહેર તથા ગામડાના વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં કેટલો તફાવત છે?

૯

## કેટલાંક પરિશિષ્ટો :

કસોટી અને મુલાકાત મારફત એકઠી કરેલી માહિતીનું સંશોધકે કઇ પધ્ધતિથી પૃથક્કરણ કર્યું તે ઉપર આપ્યું છે. એના પરથી પૃથક્કરણની પ્રક્રિયા કેટલી સંકુલ, જહેમતભરેલી તથા સમય માગી લેનારી હતી તેનો ખ્યાલ આવશે. પ્રત્યેક શાળાના પ્રત્યેક વિદ્યાર્થીએ વાપરેલા શબ્દોની કક્કાવાર યાદી કરવા માટે અને ત્યારપછી સૌ પ્રથમ પ્રત્યેક શાળાની અને ત્યારબાદ શહેરની તેમ જ ગ્રામવિસ્તારની બધી શાળાઓની માહિતી એકઠી કરવા માટે સંશોધકને આગળ જણાવ્યું છે તે પ્રમાણે અનેક પત્રકો તૈયાર કરવાં પડયાં.

ઉપરોકત પત્રકોને આધારે સંશોધકે કેટલાંક પરિશિષ્ટો તૈયાર કર્યાં. તેની વિગત નીચે પ્રમાણે છે:

પરિશિષ્ટ :

૧. શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની કક્કાવાર યાદી   કુલ ૧૯૭૩ શબ્દો.

૨. શહેર તથા ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ પહેલી વાર તેમ જ ફરીથી વાપરેલા શબ્દોની આવૃત્તિયુકત શ્રેણી તથા કક્કાવાર યાદી.

૩. ભાષાનાં વિવિધ પદો પ્રમાણે તૈયાર કરેલી શબ્દોની યાદી.

૪. વિદ્યાર્થીઓએ વાપરેલા વિદેશી ભાષાના શબ્દોની યાદી

૧૦ ૫. શ્રેણી ૧ થી ૫ ની સરકારી વાચનમાળામાં વપરાયેલા શબ્દોની શ્રેણીવાર યાદી.

આ પરિશિષ્ટો તૈયાર કર્યા પછી સંશોધકે તેનો કાળજીપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. એના ફળરૂપે જે તારણો નીકળ્યાં તેની વિગતે ચર્ચા કરી તે નીચે આપ્યાં છે.

[૧]

## ~~સંકુલીત~~ વાપર શબ્દો અંગેનાં તારણો :

સંશોધનના હેતુઓમાંનો પહેલો હેતુ શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓનું અભિવ્યક્તિનું ચા વાપર શબ્દભંડોળ શોધવાનો છે. વિદ્યાર્થીઓએ વાપરેલા બધા શબ્દોની યાદી પરિશિષ્ટ ૧ માં આપવામાં આવી છે. આ ઉપરથી સમજાશે કે, વિદ્યાર્થીઓએ કુલ ૧૯૭૩ વિવિધ શબ્દો વાપર્યાં છે. પ્રસ્તુત સંશોધનનો પહેલો નિષ્કર્ષ આ છે.

આ પરિશિષ્ટ ઉપરથી શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની કક્કાવાર સંખ્યા નીચે ~~પહેલા~~ બીજા કોઠામાં આપી છે.

# કોઠો - ૧

## શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની કક્કાવાર

સંખ્યા :

| અક્ષર | શબ્દ સંખ્યા | અક્ષર | શબ્દ સંખ્યા |
|---|---|---|---|
| અ-ઈ-ઉ | ૧૪૮ | દ | ૮૩ |
| ક | ૧૪૭ | ધ | ૨૬ |
| ખ | ૬૩ | ન | ૫૩ |
| ગ | ૮૯ | પ | ૧૩૯ |
| ઘ | ૩૨ | ફ | ૫૧ |
| ચ | ૬૩ | બ | ૯૮ |
| છ | ૨૯ | ભ | ૬૫ |
| જ | ૮૬ | મ | ૧૪૦ |
| ઝ | ૧૮ | ય | ૪ |
| ટ | ૪૦ | ર | ૮૪ |
| ઠ | ૪ | લ | ૬૯ |
| ડ | ૨૩ | વ | ૯૪ |
| ઢ | ૧૦ | શ | ૩૬ |
| ત | ૭૦ | સ | ૧૩૯ |
| થ | ૧૦ | હ | ૬૦ |
| | | કુલ | ૧૯૭૩ |

## કોઠો - 3

### પહેલી વાર (નવા) અને ફરીથી વપરાયેલા શબ્દોની શ્રેણી તથા ક્કકાવાર સંખ્યા

| | શ્રેણી ૧ નવા | શ્રેણી ૨ પહેલી વાર નવા | શ્રેણી ૨ ફરીથી | કુલ | શ્રેણી – ૩ પહેલી વાર નવા | ફરીથી શ્રેણી ૧ | ફરીથી શ્રેણી ૨ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | ૩૫ | ૧૭ | ૨૩ | ૪૦ | ૩૬ | ૨૬ | ૮ | ૭૦ |
| ક | ૪૧ | ૧૨ | ૩૨ | ૪૪ | ૬૨ | ૩૫ | ૮ | ૧૦૫ |
| ખ | ૮ | ૯ | ૭ | ૧૬ | ૨૦ | ૮ | ૯ | ૩૭ |
| ગ | ૧૨ | ૮ | ૭ | ૧૫ | ૩૪ | ૮ | ૨ | ૪૪ |
| ઘ | ૧૧ | ૬ | ૭ | ૧૩ | ૭ | ૯ | ૩ | ૧૯ |
| ચ | ૧૩ | ૮ | ૮ | ૧૬ | ૧૯ | ૮ | ૭ | ૩૪ |
| છ | ૮ | ૬ | ૭ | ૧૩ | ૬ | ૮ | ૪ | ૧૮ |
| જ | ૧૪ | ૯ | ૧૦ | ૧૯ | ૨૯ | ૧૧ | ૬ | ૪૬ |
| ઝ | ૫ | ૧ | ૪ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ |
| ટ | ૨ | ૧ | ૧ | ૨ | ૧૧ | ૨ | ૧ | ૧૪ |
| ઠ | ૧ | — | — | — | ૨ | — | — | ૨ |
| ડ | ૪ | ૨ | ૨ | ૪ | ૬ | ૩ | ૨ | ૧૧ |
| ઢ | ૪ | ૧ | ૧ | ૨ | ૩ | ૨ | ૧ | ૬ |
| ત | ૧૬ | ૭ | ૧૧ | ૧૮ | ૨૨ | ૧૨ | ૫ | ૩૯ |
| થ | ૪ | — | ૩ | ૩ | — | ૪ | — | ૪ |
| દ | ૧૪ | ૧૫ | ૯ | ૨૪ | ૧૭ | ૧૦ | ૭ | ૩૪ |

| શ્રેણી - ૪ પહેલી વાર નવા | ફરીથી શ્રેણી ૧ | ફરીથી શ્રેણી ૨ | ફરીથી શ્રેણી ૩ | કુલ | શ્રેણી - ૫ પહેલી વાર નવા | ફરીથી શ્રેણી ૧ | ફરીથી શ્રેણી ૨ | ફરીથી શ્રેણી ૩ | ફરીથી શ્રેણી ૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨ | ૨૯ | ૧૧ | ૨૪ | ૯૬ | ૨૮ | ૨૬ | ૯ | ૨૩ | ૧૬ | ૧૦૨ |
| ૧૨ | ૩૮ | ૮ | ૪૪ | ૧૦૨ | ૨૦ | ૩૩ | ૬ | ૨૮ | ૨ | ૮૯ |
| ૧૬ | ૮ | ૫ | ૮ | ૩૭ | ૧૦ | ૫ | ૭ | ૧૧ | ૧૨ | ૪૫ |
| ૨૦ | ૯ | ૨ | ૧૪ | ૪૫ | ૧૫ | ૧૧ | ૩ | ૧૭ | ૧૧ | ૫૭ |
| ૫ | ૮ | ૪ | ૬ | ૨૩ | ૩ | ૯ | ૩ | ૫ | ૩ | ૨૩ |
| ૧૨ | ૧૦ | ૬ | ૧૦ | ૩૮ | ૧૧ | ૭ | ૬ | ૧૩ | ૫ | ૪૨ |
| ૨ | ૫ | ૩ | ૩ | ૧૩ | ૭ | ૮ | ૩ | ૬ | ૧ | ૨૫ |
| ૨૦ | ૧૩ | ૬ | ૧૪ | ૫૩ | ૧૪ | ૧૩ | ૭ | ૧૬ | ૬ | ૫૬ |
| ૩ | ૨ | — | — | ૫ | ૫ | ૩ | — | ૧ | ૧ | ૧૦ |
| ૧૪ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૧૨ | ૧ | — | ૭ | ૧૩ | ૩૩ |
| — | — | — | — | — | ૧ | — | — | — | — | ૧ |
| ૮ | ૩ | ૨ | ૧ | ૧૪ | ૩ | ૩ | ૧ | ૧ | ૩ | ૧૧ |
| ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૭ |
| ૧૫ | ૧૫ | ૫ | ૧૩ | ૪૮ | ૧૦ | ૧૩ | ૪ | ૯ | ૧૦ | ૪૬ |
| ૪ | ૩ | — | — | ૭ | ૨ | ૩ | — | — | ૧ | ૬ |
| ૨૫ | ૧૩ | ૧૦ | ૯ | ૫૭ | ૧૨ | ૧૩ | ૧૨ | ૧૨ | ૧૨ | ૬૧ |

| | શ્રેણી ૧ નવા | શ્રેણી ૨ પહેલી વાર | શ્રેણી ૨ ફરીથી | કુલ | શ્રેણી — ૩ પહેલી વાર નવા | ફરીથી શ્રેણી ૧ | ફરીથી શ્રેણી ૨ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ધ | ૨ | ૫ | ૧ | ૬ | ૨ | — | ૧ | ૩ |
| ન | ૧૬ | ૬ | ૧૨ | ૧૮ | ૯ | ૧૪ | ૪ | ૨૭ |
| પ | ૪૭ | ૨૮ | ૩૨ | ૬૦ | ૩૦ | ૩૫ | ૧૭ | ૮૨ |
| ફ | ૭ | ૨ | ૬ | ૮ | ૧૭ | ૬ | ૧ | ૨૪ |
| બ | ૩૧ | ૧૧ | ૨૨ | ૩૩ | ૨૦ | ૨૩ | ૬ | ૪૯ |
| ભ | ૧૧ | ૮ | ૫ | ૧૩ | ૨૦ | ૮ | ૫ | ૩૩ |
| મ | ૨૮ | ૧૮ | ૨૧ | ૩૯ | ૩૯ | ૨૨ | ૧૦ | ૭૧ |
| ય | ૧ | — | — | — | — | — | — | — |
| ર | ૧૬ | ૯ | ૧૧ | ૨૦ | ૨૬ | ૧૩ | ૫ | ૪૪ |
| લ | ૧૫ | ૧૮ | ૧૪ | ૩૨ | ૧૭ | ૧૩ | ૬ | ૩૬ |
| વ | ૨૧ | ૯ | ૧૨ | ૨૧ | ૨૮ | ૧૨ | ૮ | ૪૮ |
| શ | ૧૧ | ૩ | ૬ | ૯ | ૧૧ | ૫ | ૧ | ૧૭ |
| સ | ૨૨ | ૧૩ | ૧૨ | ૨૫ | ૪૮ | ૧૪ | ૧૧ | ૭૩ |
| હ | ૧૪ | ૬ | ૬ | ૧૨ | ૧૧ | ૯ | ૩ | ૨૩ |
| | ૪૩૪ | ૨૩૮ | ૨૯૨ | ૫૩૦ | ૫૫૬ | ૩૨૨ | ૧૪૨ | ૧૦૨૦ |

૨૦

| શ્રેણી ૪ પહેલી વાર નવા | ફરીથી વપરાયેલા શ્રેણી ૧ | શ્રેણી ૨ | શ્રેણી ૩ | કુલ | શ્રેણી ૫ પહેલી વાર નવા | ફરીથી વપરાયેલા શ્રેણી ૧ | શ્રેણી ૨ | શ્રેણી ૩ | શ્રેણી ૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૧ | ૨ | ૧ | ૧૬ | ૫ | ૨ | ૨ | — | ૩ | ૧૨ |
| ૧૦ | ૧૫ | ૪ | ૪ | ૩૩ | ૧૨ | ૧૬ | ૩ | ૪ | ૬ | ૪૧ |
| ૧૬ | ૪૦ | ૧૬ | ૧૪ | ૮૬ | ૧૮ | ૪૧ | ૧૯ | ૧૫ | ૮ | ૧૦૧ |
| ૧૦ | ૭ | ૨ | ૮ | ૨૭ | ૧૫ | ૭ | ૧ | ૭ | ૬ | ૩૬ |
| ૨૧ | ૨૫ | ૯ | ૧૭ | ૭૨ | ૧૫ | ૨૬ | ૮ | ૧૨ | ૧૧ | ૭૨ |
| ૨૦ | ૫ | ૩ | ૧૦ | ૩૮ | ૬ | ૫ | ૩ | ૧૧ | ૫ | ૩૦ |
| ૨૨ | ૨૩ | ૧૨ | ૨૬ | ૮૩ | ૩૩ | ૨૨ | ૧૩ | ૨૧ | ૧૨ | ૧૦૧ |
| ૧ | ૧ | — | — | ૨ | ૨ | ૧ | — | — | — | ૩ |
| ૧૯ | ૧૩ | ૬ | ૧૩ | ૫૧ | ૧૪ | ૧૧ | ૬ | ૧૨ | ૭ | ૫૦ |
| ૬ | ૧૩ | ૬ | ૬ | ૩૧ | ૧૩ | ૧૨ | ૧૦ | ૪ | ૪ | ૪૩ |
| ૨૧ | ૧૪ | ૭ | ૧૫ | ૫૭ | ૧૫ | ૧૬ | ૭ | ૧૬ | ૮ | ૬૨ |
| ૮ | ૬ | ૩ | ૬ | ૨૩ | ૩ | ૯ | ૨ | ૩ | ૨ | ૧૯ |
| ૩૫ | ૧૪ | ૧૦ | ૨૭ | ૮૬ | ૨૧ | ૧૬ | ૭ | ૧૭ | ૧૫ | ૭૬ |
| ૧૮ | ૯ | ૩ | ૫ | ૩૫ | ૧૧ | ૯ | ૪ | ૭ | ૮ | ૩૯ |
| ૪૦૮ | ૩૪૫ | ૧૪૭ | ૩૦૪ | ૧૨૦૪ | ૩૩૭ | ૩૪૩ | ૧૪૭ | ૨૮૦ | ૧૯૨ | ૧૨૯૯ |

૧૩ જે ૧૧૦૦ વિદ્યાર્થીઓના કથન લેખનના નમૂના સંશોધકે એકઠા કર્યા તેમાં કુલ સળંગ શબ્દો ૧,૧૧,૮૬૯ હતા. એમાંથી જુદી જુદી શ્રેણીના ૧૧૦૦ વિદ્યાર્થીઓએ મળીને પહેલી વાર ૧૯૭૩ શબ્દો વાપર્યા. તે ઉપરાંત શ્રેણી ૨, ૩, ૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ આગલી શ્રેણીમાં પહેલી વાર વપરાયેલ શબ્દોમાંના કેટલાક શબ્દો પોતાના કથન લેખનમાં ૨૫૧૪ વખત ફરીથી વાપર્યા.

પહેલી વાર અને ફરીથી વપરાયેલા શબ્દોની શ્રેણી તથા કક્કાવાર સંખ્યા કોઠા ૩ માં આપી છે.

ઉપરોક્ત માહિતી શ્રેણીવાર ભેગી કરીએ તો તે કોઠા ૪ માં નીચે બતાવ્યા પ્રમાણે આવશે.

## કોઠો ૪

પહેલી વાર (નવા) તથા ફરીથી વપરાયેલા શબ્દોની શ્રેણીવાર સંખ્યા

| | પહેલી વાર વપરાયેલા નવા શબ્દોની ~~શબ્દોની~~ સંખ્યા | નીચેની શ્રેણીમાં પહેલી વાર વપરાયેલા અને અહીં ફરીથી વપરાયેલા શબ્દોની સંખ્યા | | | | શ્રેણીમાં વપરાયેલા કુલ શબ્દોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | શ્રેણી ૧ | શ્રેણી ૨ | શ્રેણી ૩ | શ્રેણી ૪ | |
| શ્રેણી ૧ | ૪૩૪ | - | - | - | - | ૪૩૪ |
| શ્રેણી ૨ | ૨૩૮ | ૨૯૨ | - | - | - | ૫૩૦ |
| શ્રેણી ૩ | ૫૫૬ | ૩૨૨ | ૧૪૨ | - | - | ૧૦૨૦ |
| શ્રેણી ૪ | ૪૦૮ | ૩૪૫ | ૧૪૭ | ૩૦૪ | - | ૧૨૦૪ |
| શ્રેણી ૫ | ૩૩૭ | ૩૪૩ | ૧૪૭ | ૨૮૦ | ૧૯૨ | ૧૨૯૯ |
| | ૧૯૭૩ | ૧૩૦૨ | ૪૩૬ | ૫૮૪ | ૧૯૨ | ૪૪૮૭ |

૧૪/૨૧ વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા શબ્દોની સંખ્યા પર નજર નાખીએ તો માલૂમ પડશે કે, કુલ ૧૯૭૩ શબ્દો પૈકી ત્રીજી શ્રેણીના વિદ્યાર્થીઓએ સૌથી વધારે, એટલે કે ૫૫૬, શબ્દો વાપર્યા છે, જ્યારે સૌથી ઓછા, એટલે કે ૨૩૮, શબ્દો બીજી શ્રેણીના વિદ્યાર્થીઓએ વાપર્યા છે. આની સરખામણીમાં શ્રેણી પહેલીના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા શબ્દો – એટલે કે ૪૩૪ શબ્દોની સંખ્યા નોંધપાત્ર કહેવાય. પહેલી તથા ત્રીજી શ્રેણીના પહેલી વાર વપરાયેલા શબ્દોની સરખામણીમાં પાંચમી શ્રેણીના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા ૩૩૭ શબ્દો પ્રમાણમાં ઘણા ઓછા લાગે છે. અર્થાત્ પાંચે શ્રેણીના પહેલી વાર વપરાયેલા શબ્દોનો સમગ્રપણે વિચાર કરતાં એટલું કહેવાનું પ્રાપ્ત થાય છે કે, વિદ્યાર્થીઓના વાપર શબ્દભંડોળનો વિકાસ હોવો જોઇએ એટલો એકધારો અને નિયમિત થતો નથી. સંભવ છે કે, આપણી પ્રાથમિક શાળાઓમાં કદાચ વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો સુયોજિત વિકાસ કરવા માટે હજી આપણે કોઇ હેતુલક્ષી અને સુયોજિત પ્રયાસો શરૂ કર્યા નહીં હોય તેનું આ પરિણામ હશે.

શબ્દોનો ઉપયોગ ફરીથી કરવાની બાબતમાં ઉપરનો કોઠો જ જોઇશું તો જણાશે કે –

૧. શ્રેણી ૧ માં પહેલી વાર વપરાયેલા ૪૩૪ શબ્દોમાંથી શ્રેણી ૨ થી ૫ ના વિદ્યાર્થીઓએ અનુક્રમે ૨૯૨, ૩૨૨, ૩૪૫, ૩૪૩ શબ્દોનો ફરીથી ઉપયોગ કર્યો છે,

૨. તેવી જ રીતે શ્રેણી ૨ માં પહેલી વાર વપરાયેલા ૨૩૮ શબ્દોમાંથી શ્રેણી ૩, ૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ અનુક્રમે ૧૪૨, ૧૪૭ અને ૧૪૭ શબ્દોનો ઉપયોગ ફરીથી કર્યો છે,

૩. આજ પ્રમાણે શ્રેણી ૩ માં પહેલી વાર વપરાયેલા ૫૫૬

૨૨ શબ્દો પૈકી શ્રેણી ૪ ના વિદ્યાર્થીઓએ ૩૦૪ અને શ્રેણી ૫ ના વિદ્યાર્થીઓએ ૨૮૦ શબ્દો ફરીથી વાપર્યા છે,

૪. તદુપરાંત શ્રેણી ૪ ના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા ૪૦૮ શબ્દોમાંથી શ્રેણી ૫ માંના વિદ્યાર્થીઓએ માત્ર ૧૯૨ શબ્દો ફરીથી વાપર્યા છે.

શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા શબ્દોનું પ્રમાણ ઉપર દર્શાવવામાં આવ્યું તેમ એકસરખું નથી. આના કારણોનું વિશેષ સંશોધન કરવાની આવશ્યકતા સંશોધકને લાગે છે. કદાચ વધુ મોટો અને વ્યાપક નમૂનો લઈને જો આ કામ હાથ ધરવામાં આવે તો પ્રસ્તુત સંશોધનમાં જે તારણ ઉપર કાઢવામાં આવ્યું છે તેને વિશે ચોક્કસ કારણો શોધી શકાય અને તેને આધારે ભાષાશિક્ષણમાં હેતુલક્ષી સુધારો કરી શકાય.

૧૯૭૩ વાપર શબ્દોનો અભ્યાસ બીજી પણ એક દૃષ્ટિથી થઈ શકે. એમાં નીચેના અક્ષરોથી શરૂ થતા શબ્દોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધારે છે. જ્યારે બીજા કેટલાક અક્ષરોથી શરૂ થતા અક્ષરોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. નીચે આપેલા સામસામા કોઠા ઉપરથી આ વાત સ્પષ્ટ થશે.

કોઠો ૪

સંશોધનમાં પ્રાપ્ત થયેલા વધારે અને ઓછા શબ્દોની સંખ્યા

| અક્ષર | શબ્દસંખ્યા | અક્ષર | શબ્દસંખ્યા |
|---|---|---|---|
| સ્વરાક્ષર અ–ઇ–ઉ–એ–ઓ | ૧૪૮ | છ | ૪ |
| ક | ૧૪૭ | ચ | ૪ |
| પ | ૧૩૯ | ઢ | ૧૦ |
| મ | ૧૪૦ | થ | ૧૦ |
| સ | ૧૩૯ | ઝ | ૧૮ |

ભાષાના કુલ વપરાશ શબ્દો સાથે સંશોધનમાં પ્રાપ્ત થયેલા કુલ વપરાશ શબ્દોને હવે સરખાવીએ. ગૂજરાતી ભાષાનો પ્રમાણિત શબ્દકોશ તે ગુજરાત વિદ્યાપીઠે તૈયાર કરેલો સાર્થ જોડણીકોશ છે. એની પાંચમી આવૃત્તિ ૧૯૬૭ માં લગભગ ૬૮,૪૬૭ શબ્દો છે. આ જોડણીકોશ ઉપરથી શાળાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલા વિનીત જોડણીકોશમાં કુલ ૨૫,૬૪૯ શબ્દો સમાવવામાં આવ્યા છે. સંશોધનમાં પ્રાપ્ત થયેલા ૧,૯૭૩ શબ્દો વિનીત જોડણીકોશના કુલ શબ્દોના ૭.૭ ટકા થાય છે. વિનીત જોડણીકોશના તથા સંશોધનના કેટલાક અક્ષરવાર શબ્દોની સરખામણી કોઠા ૬ માં આપી છે.

૨૪

## કોઠો – ૬

### વિનીત શબ્દકોશ અને સંશોધનમાં પ્રાપ્ત થયેલા ઓછાવત્તા શબ્દો

| અક્ષરો | વિનીત શબ્દકોશના શબ્દોની સંખ્યા | શબ્દકોશ અને સંશોધનના કુલ શબ્દોના પ્રમાણમાં ૭.૭% સંશોધનમાં થવા જોઈતા અને પ્રાપ્ત થયેલા શબ્દો | |
|---|---|---|---|
| સ્વરાક્ષરો | ૪,૪૪૯ | ૩૪૨ | ૧૪૮ |
| ક | ૨,૦૮૭ | ૧૬૦ | ૧૪૭ |
| મ | ૧,૩૪૪ | ૧૦૩ | ૧૪૦ |
| પ | ૧,૭૬૩ | ૧૩૫ | ૧૩૯ |
| સ | ૧,૮૩૩ | ૧૪૧ | ૧૩૪ |
| વ | ૮૭૭ | ૬૭ | ૯૮ |
| બ | ૧,૩૦૪ | ૧૦૦ | ૯૪ |
| ગ | ૧,૦૦૧ | ૭૭ | ૮૯ |
| જ | ૬૨૫ | ૪૮ | ૮૬ |
| દ | ૮૩૦ | ૬૯ | ૮૩ |
| ર | ૬૯૧ | ૫૩ | ૮૪ |
| ઠ | ૧૪૨ | ૧૧ | ૪ |
| થ | ૧૦૭ | ૮ | ૪ |
| ઢ | ૧૩૬ | ૧૦ | ૧૦ |
| ઘ | ૧૦૨ | ૮ | ૧૦ |
| ઝ | ૨૬૩ | ૨૦ | ૧૮ |
| ડ | ૩૩૩ | ૨૫ | ૨૩ |
| ધ | ૩૪૫ | ૨૬ | ૨૬ |

૨ ૪અ આ કોઠો ઝીણવટથી તપાસતાં માલૂમ પડશે કે ઉપરોક્ત ૧૮ અક્ષરોથી શરૂ થતા શબ્દો પૈકી ૮ અક્ષરોથી શરૂ થતા શબ્દો શબ્દકોશ કરતાં પ્રમાણમાં સંશોધનમાં વધારે છે, જ્યારે ૨ અક્ષરોથી શરૂ થતા શબ્દો સરખા છે, અને બાકીના ૮ અક્ષરોથી શરૂ થતા શબ્દોની સંખ્યા શબ્દકોશ કરતાં પ્રમાણમાં સંશોધનમાં ઓછી છે.

ઘણોખરો મોટો તફાવત તો સ્વરાક્ષરો અ - ઇ - ઉ - એ - ઓ થી શરૂ થતા શબ્દોમાં છે. પ્રાથમિક શાળાઓમાં સ્વરોથી શરૂ થતા શબ્દોમાંથી વિદ્યાર્થીઓને બુદ્ધિગમ્ય હોય એવા શબ્દોની ક્રમિક યાદી તૈયાર કરી તેને શબ્દ - ભંડોળ વિકાસના કાર્યક્રમમાં સામે જ કરવી જોઇએ. આજ કામ પ્રમાણિત વિદ્યાર્થી-શબ્દયાદી પર રચાયેલા પાઠ્યપુસ્તક દ્વારા પણ પાર પાડી શકાય.

[૨]

## પ્રાપ્ત શબ્દભંડોળનો વ્યાપ અને આવૃત્તિ

નમૂના માટે પસંદ કરેલા વિદ્યાર્થીઓના કથન લેખનમાંથી સંશોધકે ૧૯૭૩ વિવિધ શબ્દો ભેગા કર્યાં તે ઉપર દર્શાવ્યું છે. જો એમના કથન લેખનમાં વપરાયેલાં વાક્યો, શબ્દોની ગણતરી કરવામાં આવે તો કુલ સળંગ (running) શબ્દો ૧,૧૧,૮૬૯ થાય છે. આમ દરેક વિદ્યાર્થીએ સરાસરી ૧૦૦ શબ્દોનું કથન યા લેખન પૂરું પાડ્યું છે, જો કે પહેલી બે શ્રેણીના વિદ્યાર્થીઓ કરતાં ઉપલી ત્રણ શ્રેણીમા વિદ્યાર્થીઓના લેખિત જવાબો વધુ લાંબા હતા, અને એમાં નવાઇ પામવા જેવું કંઇ નથી.

સળંગ શબ્દોમાંથી ૧૯૭૩ વિવિધ વાપર-શબ્દો તારવવામાં આવ્યા છે. આ શબ્દોનો વ્યાપ (range) કેટલો? વ્યાપનો ખ્યાલ જુદી જુદી રીતે આવી શકે. સૌ પ્રથમ, જે વિદ્યાર્થીઓના નમૂના લીધા છે તે શ્રેણી ૧ થી ૫ માં અભ્યાસ કરે છે. આથી આ શબ્દભંડોળ જૂનિયર પ્રાથમિક શાળાના આખા તબક્કાને આવરી લે છે, અથવા તે ૬ થી ૧૧ વર્ષના વયજૂથને આવરી લે છે. બીજું: આ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૦૦ છે, એ પણ આ શબ્દભંડોળનું વ્યાપદર્શક બીજું પરિમાણ છે. ત્રીજું: આ વિદ્યાર્થીઓ શહેર અને ગ્રામવિસ્તારની પાંચ પાંચ શાળાઓમાંથી કશી પૂર્વયોજના વિના (at random) પસંદ કરેલા છે. આથી આ શબ્દભંડોળ શહેર અને ગામડાંના વિદ્યાર્થીઓના વાપર શબ્દભંડોળનું દ્યોતક છે. ચોથું: આ શાળાઓમાં વિવિધ સામાજિક ને આર્થિક સ્તરોમાંથી બાળકો આવતાં હોવાથી પ્રાપ્ત શબ્દભંડોળ આ સ્તરના ઉપરોક્ત વયજૂથનાં બાળકોમાં પ્રચલિત એવી ભાષા રજૂ કરે છે.

૧૦

શબ્દભંડોળના વ્યાપનું માપ બીજી એક રીતે પણ કાઢી શકાય. આ શબ્દો બાળકોના રોજિંદા જીવનને સ્પર્શતા વિવિધ ક્ષેત્રો અને વિષયોને આવરી લે છે એ સ્વાભાવિક છે. પોતાની આસપાસના પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણ અને પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓને અનુલક્ષીને વિદ્યાર્થીઓ નવા નવા શબ્દો પહેલા ઓળખતા ને પછી વાપરતા શીખે છે. આમ પ્રાપ્ત થયેલા ૧૯૭૩ શબ્દોનું ક્ષેત્ર અને વિષયવાર જો વર્ગીકરણ કરવામાં આવે તો તે પણ મજકુર શબ્દભંડોળના વ્યાપનું સૂચક બને.

પ્રાપ્ત વાપર શબ્દયાદી પર નજર નાખતાં અભ્યાસીને તરત સમજાશે કે તે નીચેનાં ક્ષેત્રો, વિષયો તેમ જ પ્રવૃત્તિઓને આવરી લે છે :

પશુ-પંખી, જીવજંતુ, શરીરના ભાગો, ખાવાની ચીજો, પહેરવાની ચીજો, રમકડાં, રમતો, વાહનો, વર્ગમાંની ચીજો, બગીચામાંની ચીજો, વાજિંત્રો, પરિચિત ચીજ-વસ્તુઓ, કારીગરો, રાચરચીલું, ઘરેણાં, તહેવારો, ક્રિયાઓ, વગેરે, વગેરે.

વળી સંશોધનમાં પ્રાપ્ત થયેલ વિદ્યાર્થીઓના લખાણ, ચિત્રદર્શન, જોયેલાં દશ્યોનું વર્ણન, પ્રશ્નોત્તર અને વાર્તાકથનને આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

વ્યાકરણનાં પદો પ્રમાણે એને છૂટા પાડતાં વિવિધ શબ્દોના કુલ શબ્દભંડોળની અભિવ્યક્તિની ક્ષમતા કેટલી તે જાણી શકાય છે.

આ આંકડા નીચે આપ્યા છે:

| | | |
|---|---|---|
| નામ : | ૧,૪૧૨ | ૭૧.૬ ટકા |
| સર્વનામ | ૩૩ | ૧.૬ ટકા |
| વિશેષણ | ૧૮૪ | ૯.૩ ટકા |
| ક્રિયાપદ | ૨૨૯ | ૧૧.૬ ટકા |
| અવ્યય | ૯૪ | ૪.૮ ટકા |
| કૃદંત | ૨૧ | ૧.૧ ટકા |
| કુલ | ૧,૯૭૩ | ૧૦૦.૦ ટકા |

પ્રાપ્ત વાપર શબ્દોનું વ્યાકરણના પદોમાં થયેલું આ વિભાજન બીજાં સંશોધનોના વિભાજીકરણ સાથે સરખાવવા જેવું છે. આપણે એને શ્રી. રૂકમણીના રાજસ્થાનની શ્રેણી ૧-૨ના વિદ્યાર્થીઓના હિંદી વાપર શબ્દોના વિભાજન, શ્રી. સિયોળેકરના મહારાષ્ટ્રના શ્રેણી ૫ ના વિદ્યાર્થીઓના મરાઠી વાપર શબ્દોના વિભાજન અને શ્રી વકીલના મુંબઇના શ્રેણી ૫ ના, ૧૧+વયજૂથના, વાપર શબ્દોના વિભાજન સાથે સરખાવીએ. ચારે સંશોધનોની ટકાવારી નીચે આપી છે.

| | હિંદી શ્રેણી ૧-૨ | મરાઠી શ્રેણી ૫ | ગુજરાતી શ્રેણી ૫ | ગુજરાતી શ્રેણી ૧થી૫ |
|---|---|---|---|---|
| નામ | ૬૨.૫૦ | ૬૯.૦૦ | ૬૬.૭૦ | ૭૧.૬ |
| સર્વનામ | ૨.૦૦ | — | ૧.૧૦ | ૧.૬ |
| વિશેષણ | ૯.૧૦ | ૧૪.૦૦ | ૧૫.૩૫ | ૯.૩ |
| ક્રિયાપદ | ૧૯.૫૦ | ૧૧.૦૦ | ૧૧.૨૭ | ૧૧.૬ |
| અવ્યય, કૃદંત વ. | ૬.૯૦ | ૬.૦૦ | ૫.૫૮ | ૫.૯ |
| | ૧૦૦ટકા | ૧૦૦ટકા | ૧૦૦ટકા | ૧૦૦ટકા |
| કુલ શબ્દો: | ૧,૨૩૨ | ૨,૮૮૩ | ૪,૦૨૫ | ૧,૯૭૩ |

ઉપરોક્ત સરખામણી પરથી નીચેના તારણો કાઢી શકાય:

૧૧૫ ૧. હિંદી ભાષી વિદ્યાર્થીઓના પ્રાપ્ત શબ્દભંડોળમાં બીજાં સંશોધનોની સરખામણીમાં નામો સૌથી ઓછાં છે અને ક્રિયાપદો સૌથી વધારે છે. આ સંશોધનમાં જે નમૂનો લીધો હતો તેમાં ક્રિયાપદોની સંખ્યા થોડી વધારે હોત તો વિદ્યાર્થીઓની અભિ-વ્યક્તિ ક્ષમતા વધત.

૨. શ્રી. સિયોળેકર અને શ્રી વકીલના સંશોધનોમાં વિશેષણોનું પ્રમાણ વધારે નજરે પડે છે. જ્યારે હિંદી અને ગુજરાતી સંશોધનોમાં વિશેષણોની સંખ્યા ઓછી બતાવે છે.

૩: અવ્યય, કૃદંત,વગેરે પદો વિવિધ પ્રકારનાં લાંબાં વાક્યો બનાવવામાં ઉપયોગી છે. હિંદી ભાષામાં મળેલા વિદ્યાર્થીઓના વાપર શબ્દોમાં, એમની વયકક્ષા અને શ્રેણી ધ્યાનમાં લઈએ તો, એની સંખ્યા નોંધપાત્ર કહેવાય. પ્રસ્તુત સંશોધનના ૧,૯૭૩ શબ્દોમાં આ પ્રકારનાં પદોની, ૧૧૫ની સંખ્યા વિશેષે કરીને કૃદંતનાં ૨૧ શબ્દોની સંખ્યા પ્રમાણમાં ઓછી લાગે છે, અને તે વિદ્યાર્થીની અભિવ્યક્તિની શક્તિને મર્યાદિત બનાવે છે.

વિદ્યાર્થીઓને શીખવવાના વાપર શબ્દોની શ્રેણીવાર યાદી તૈયાર કરતી વખતે ઉપરોક્ત તારણોમાં દૃષ્ટિગોચર થતી અસમતુલા યા ઊણપો દૂર કરવાનું ધ્યાન બહાર જવું જોઈએ નહીં.

વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં વપરાયેલા વિદેશી ભાષાના શબ્દો તેમ જ આધુનિક વૈજ્ઞાનિક યુગના રોજબરોજના જીવનમાં વપરાતા પારિભાષિક શબ્દો વિદ્યાર્થીઓના વાપર શબ્દ-ભંડોળના વિશાળ ફલક તથા વ્યાપનો ખ્યાલ આપે છે.

હવે આપણે વિવિધ શબ્દભંડોળની વારંવારિતા યા આવૃત્તિ (frequency) અંગે થોડો વિચાર કરીએ.

કોઠો ૭મો કેટલા વિદ્યાર્થીઓએ કેટલા શબ્દો વાપર્યા તે દર્શાવે છે.

કોઠો - ૭

કેટલા વિદ્યાર્થીઓએ કેટલા શબ્દો વાપર્યા

તે દર્શાવતો કક્કાવાર કોઠો

| વિદ્યાર્થી સંખ્યા → / કૌંસમાં ટકા → | ૧ થી ૧૧૦ (૧૦) | ૧૧૧થી ૨૨૦ (૨૦) | ૨૨૧થી ૩૩૦ (૩૦) | ૩૩૧થી ૪૪૦ (૪૦) | ૪૪૧થી ૫૫૦ (૫૦) |
|---|---|---|---|---|---|
| અ | ૧૩૧ | ૯ | ૩ | ૧ | ૧ |
| ક | ૧૩૨ | ૬ | ૬ | ૧ | ૧ |
| ખ | ૫૮ | ૩ | ૧ | ૧ | — |
| ગ | ૮૬ | ૨ | — | — | ૧ |
| ઘ | ૨૫ | ૫ | ૧ | — | — |
| ચ | ૫૮ | ૧ | ૪ | — | — |
| છ | ૨૪ | ૨ | ૧ | ૧ | — |
| જ | ૮૧ | ૨ | — | ૩ | — |
| ઝ | ૧૭ | — | — | — | — |
| ટ | ૩૯ | — | — | — | ૧ |
| ઠ | ૪ | — | — | — | — |
| ડ | ૨૨ | ૧ | — | — | — |
| ઢ | ૯ | — | — | — | ૧ |
| ત | ૬૦ | ૪ | ૫ | — | — |

૧૪

| ૫૫૧થી ૬૬૦ (૬૦) | ૬૬૧થી ૭૭૦ (૭૦) | ૭૭૧થી ૮૮૦ (૮૦) | ૮૮૧થી ૯૯૦ (૯૦) | ૯૯૧થી ૧૧૦૦ (૧૦૦) | |
|---|---|---|---|---|---|
| - | ૧ | ૨ | - | - | ૧૪૮ |
| - | - | ૧ | - | - | ૧૪૭ |
| - | - | - | - | - | ૬૩ |
| - | - | - | - | - | ૮૯ |
| - | ૧ | - | - | - | ૩૨ |
| - | - | - | - | - | ૬૩ |
| - | - | - | - | - | ૨૯ |
| - | - | - | - | - | ૮૬ |
| - | - | ૧ | - | - | ૧૮ |
| - | - | - | - | - | ૪૦ |
| - | - | - | - | - | ૪ |
| - | - | - | - | - | ૨૩ |
| - | - | - | - | - | ૧૦ |
| ૧ | - | - | - | - | ૭૦ |

ચાલુ -૨

| વિકારોની સંખ્યા | ૧થી ૧૧૦ | ૧૧૧થી ૨૨૦ | ૨૨૧થી ૩૩૦ | ૩૩૧થી ૪૪૦ | ૪૪૧થી ૫૫૦ |
|---|---|---|---|---|---|
| થ | ૯ | ૧ | — | — | — |
| દ | ૭૬ | ૨ | ૨ | ૧ | ૧ |
| ધ | ૨૬ | — | — | — | — |
| ન | ૪૮ | ૨ | ૧ | — | ૧ |
| પ | ૧૧૮ | ૧૩ | ૪ | ૧ | — |
| ફ | ૪૭ | ૩ | ૧ | — | — |
| બ | ૮૪ | ૮ | ૪ | ૨ | — |
| ભ | ૬૧ | ૨ | ૧ | — | — |
| મ | ૧૨૭ | ૫ | ૫ | ૨ | ૧ |
| ય | ૪ | — | — | — | — |
| ર | ૭૯ | ૩ | ૧ | — | ૧ |
| લ | ૬૨ | ૩ | ૩ | ૧ | — |
| વ | ૮૬ | ૨ | ૪ | ૧ | ૧ |
| શ | ૩૩ | — | ૩ | — | — |
| સ | ૧૨૮ | ૫ | ૫ | ૧ | — |
| હ | ૫૪ | — | ૧ | ૨ | ૧ |
| | ૧૭૮૮ | ૮૪ | ૫૬ | ૧૮ | ૧૧ |

૧૮

| ૫૫૧થી ૬૬૦ | ૬૬૧થી ૭૭૦ | ૭૭૧થી ૮૮૦ | ૮૮૧થી ૯૯૦ | ૯૯૧થી ૧૧૦૦ | |
|---|---|---|---|---|---|
| – | – | – | – | – | ૧૦ |
| – | – | ૧ | – | – | ૮૩ |
| – | – | – | – | – | ૨૬ |
| – | – | ૧ | – | – | ૫૩ |
| ૧ | ૧ | ૧ | – | – | ૧૩૯ |
| – | – | – | – | – | ૫૧ |
| – | – | – | – | – | ૯૮ |
| ૧ | – | – | – | – | ૬૫ |
| – | – | – | – | – | ૧૪૦ |
| – | – | – | – | – | ૪ |
| – | – | – | – | – | ૮૪ |
| – | – | – | – | – | ૬૯ |
| – | – | – | – | – | ૯૪ |
| – | – | – | – | – | ૩૬ |
| – | – | – | – | – | ૧૩૯ |
| – | ૧ | ૧ | – | – | ૬૦ |
| ૩ | ૪ | ૯ | – | – | ૧૯૭૩ |

૨૦

આ કોઠામાં કુલ ૧૧૦૦ વિદ્યાર્થીઓને ૧૧૦ ના દસ જૂથમાં વહેંચી નાખી પરિશિષ્ટ ૨ ને આધારે નીચેની માહિતી તારવી છે.

## કોઠો - ૪

**કુલ વિદ્યાર્થીઓના દસ દસ ટકાના જૂથે વાપરેલા શબ્દોની સંખ્યા**

| | | વિદ્યાર્થીઓના જૂથે વાપરેલા શબ્દો | શબ્દ સંખ્યા | કુલ શબ્દોના ટકા |
|---|---|---|---|---|
| ૧. | ૯૯૧ થી ૧૧૦૦ | - " - | | |
| ૨. | ૮૮૧ થી ૯૯૦ | - " - | | |
| ૩. | ૭૭૧ થી ૮૮૦ | - " - | ૯ | ૦.૪૫ |
| ૪. | ૬૬૧ થી ૭૭૦ | - " - | ૪ | ૦.૨૦ |
| ૫. | ૫૫૧ થી ૬૬૦ | - " - | ૩ | ૦.૧૫ |
| ૬. | ૪૪૧ થી ૫૫૦ | - " - | ૧૨ | ૦.૫૬ |
| ૭. | ૩૩૧ થી ૪૪૦ | - " - | ૧૭ | ૦.૮૬ |
| ૮. | ૨૨૧ થી ૩૩૦ | - " - | ૫૬ | ૨.૮૪ |
| ૯. | ૧૧૧ થી ૨૨૦ | - " - | ૮૪ | ૪.૨૬ |
| ૧૦. | ૧ થી ૧૧૦ | - " - | ૧૭૮૮ | ૯૦.૬૩ |
| | કુલ | | ૧૯૭૩ | ૧૦૦ |

૨૧ આઠમો સાતમો કોઠો જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો એમાંથી કેટલાંક તારણો કાઢી શકાય. દા. ત.

૧. પ્રાપ્ત વાપર શબ્દોના ૯૦.૬૩ ટકા શબ્દો તો ૧ થી ૧૧૦ વિદ્યાર્થીઓએ જ વાપર્યા છે. એમાં પણ એક જ વિદ્યાર્થીએ એક જ વાર વાપરેલા શબ્દોની સંખ્યા ૩૯૧ છે.

૨. કુલ શબ્દોના ફક્ત ૯.૩૭ ટકા શબ્દો બધુ મળીને ૧૮૫ વિદ્યાર્થીઓએ વાપર્યા છે.

૩. જૂથ ૩ થી ૯ માંના વિદ્યાર્થીઓએ વાપરેલા વિવિધ શબ્દોની યાદી, પ્રત્યેકની વારંવારિતા સહિત નીચે આપી છે.

## શબ્દ યાદી - ૧

### ઊંચી વારંવારિતા દર્શાવતા શબ્દોની યાદી

**જૂથ પહેલું :**

૯૯૧ થી ૧૧૦૦ વિદ્યાર્થીઓ ૯૧ થી ૧૦૦ ટકા એક પણ શબ્દ નહીં

**જૂથ બીજું :**

૮૮૧ થી ૯૯૦ વિદ્યાર્થીઓ ૮૧ થી ૯૦ ટકા એક પણ શબ્દ નહીં.

**જૂથ ત્રીજું :**

વિદ્યાર્થીઓ - ૭૭૧ થી ૮૮૦ ૭૧ થી ૮૦ ટકા

| | | | | | |
|---|---|---|---|---|---|
| એક | - | ૮૬૬:૨૮૫૪ | આંખ | - | ૮૩૧:૯૦૮ |
| કાન | - | ૭૮૨:૮૮૩ | છે | - | ૮૪૨:૧૩,૧૬૯ |
| ઝાડ | - | ૭૯૮:૧૫૦૭ | દાળ | - | ૮૨૫:૮૮૪ |
| નાક | - | ૭૯૮:૮૧૩ | પગ | - | ૭૯૭:૧૦૮૪ |
| હતો | - | ૮૪૬:૨૧૦૪ | કુલ શબ્દો | - | ૯ |

**જૂથ ચોથું :**

વિદ્યાર્થીઓ ૬૬૧ થી ૭૭૦ — ૬૧ થી ૭૦ ટકા

| | | | |
|---|---|---|---|
| આવવું | ૬૭૭: ૮૧૫ | ઘર | ૬૭૩: ૮૭૬ |
| પોપટ | ૬૯૬: ૮૭૦ | હાથ | ૭૪૯: ૭૮૩ |

કુલ શબ્દો – ૪

**જૂથ પાંચમું :**

વિદ્યાર્થીઓ ૫૫૧ થી ૬૬૦ — ૫૧ થી ૬૦ ટકા

| | | | |
|---|---|---|---|
| તેને | ૬૧૯: ૧૧૮૬ | પ્રાણી | ૫૬૫: ૧૪૯૮ |
| ભાત | ૬૩૨: ૬૮૪ | | |

કુલ શબ્દો – ૩

**જૂથ છઠ્ઠું :**

વિદ્યાર્થીઓ ૪૪૧ થી ૫૫૦ — ૪૧ થી ૫૦ ટકા

| | | | |
|---|---|---|---|
| અને | ૪૫૨: ૧૪૩૪ | કરવું | ૫૧૧: ૭૦૨ |
| ગામેગામ | ૪૬૪: ૧૬૧૪ | ટેબલ | ૪૫૦: ૪૫૮ |
| ઢીંગલી | ૫૪૧: ૫૪૬ | દેખાડવું | ૪૫૪: ૨૨૭૫ |
| દિવસ | ૪૮૨: ૧૨૦૪ | નદી | ૪૫૪: ૮૮૭ |
| મોટર | ૫૪૬: ૬૭૨ | રોટલી | ૪૬૦: ૪૭૩ |
| બાદ | ૪૬૪: ૫૭૫ | હાથી | ૫૦૪: ૫૯૩ |

કુલ શબ્દો – ૧૨

**જૂથ સાતમું :**

વિદ્યાર્થીઓ ૩૩૧થી ૪૪૦ — ૩૧ થી ૪૦ ટકા

| | | | |
|---|---|---|---|
| ઉઠાડવું | ૩૫૩: ૩૮૬ | કાગડા | ૪૩૬: ૬૧૧ |
| ખુરશી | ૩૯૦: ૪૦૩ | છોકરો | ૩૯૩: ૮૩૨ |
| જાય | ૩૫૭: ૫૯૧ | જમરૂખ | ૪૨૦: ૪૯૨ |

૨૩

| | | | |
|---|---|---|---|
| જવું | - ૩૪૭: ૪૦૦ | ~~દિવસ~~ | - ~~૪૮૨: ૧૨૦૪~~ |
| પાણું | - ૩૩૪: ૩૯૧ | બળદ | - ૩૩૧: ૪૨૩ |
| બે | - ૩૩૨: ૪૯૩ | માણસ | - ૩૭૩: ૬૧૭ |
| માથું | - ૩૪૦: ૩૭૪ | લઈ | - ૩૩૪: ૫૨૧ |
| બેગણ | - ૩૮૨ : ૪૧૦ | સૂર્ય | - ૩૫૯: ૯૬૮ |
| હોડી | - ૪૨૩: ૫૮૬ | હોવું | - ૩૬૩: ૯૩૪ |

કુલ શબ્દો ૧૭

<u>જૂથ આઠમું :</u>

વિદ્યાર્થીઓ ૨૨૧ થી ૩૩૦ — ૨૧ થી ૩૦ ટકા

| | | | |
|---|---|---|---|
| આપણે | - ૨૫૨: ૪૪૬ | આવ | - ૨૬૫: ૧૦૧૭ |
| ઉગવું | - ૨૮૨: ૩૦૩ | કપડું | - ૨૨૫: ૨૪૯ |
| કબૂતર | - ૨૨૨: ૨૪૪ | કહેવું | - ૩૦૧: ૪૦૮ |
| કૂતરો | - ૨૮૮: ૩૬૫ | કૂવો | - ૨૨૬: ૨૪૨ |
| કેળું | - ૨૪૮: ૨૭૮ | ખાવું | - ૨૬૫: ૪૨૩ |
| છોડો | - ૨૯૩: ૩૨૩ | ચકલી | - ૩૦૨: ૪૫૯ |
| ચડ્ડી | - ૨૨૨: ૨૨૨ | ચાર | - ૨૩૮: ૩૯૪ |
| ચિત્તો | - ૨૫૯: ૨૬૮ | છોકરી | - ૨૩૬: ૩૦૧ |
| તરસ | - ૨૨૪: ૨૨૯ | તેણે | - ૨૪૭: ૩૮૮ |
| તેમાં | - ૨૫૧: ૪૦૯ | ત્યાં | - ૨૩૩: ૪૯૪ |
| તે | - ૨૭૪: ૮૦૬ | દાંત | - ૨૪૨: ૨૪૩ |
| દૂધ | - ૨૯૦: ૪૧૮ | પછી | - ૨૩૪: ૩૬૪ |
| પાટલૂન | - ૨૬૮: ૨૮૪ | પાસે | - ૨૫૫: ૬૧૯ |
| પૂરી | - ૨૮૧: ૪૬૩ | પાટિયું | - ૨૯૮: ૩૦૪ |
| નાખવું | - ૨૩૩: ૨૫૭ | ફોડવું | - ૨૬૧: ૩૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૪ બકરી | - ૨૪૯:૨૬૮ | વાઘ | - ૨૭૪:૪૬૧ |
| બિલાડી | - ૨૪૧:૩૨૬ | બુશકોટ | - ૩૧૮:૩૨૩ |
| ભેંસ | - ૩૦૪:૪૩૧ | મીઠાઈ | - ૨૯૩:૩૦૯ |
| મોઢું | - ૨૬૭:૨૮૩ | મોર | - ૩૧૩:૩૬૨ |
| મોસંબી | - ૨૮૩:૩૬૧ | મોં | - ૨૪૧:૨૪૭ |
| રિક્ષા | - ૩૦૮:૩૧૬ | લાગણું | - ૨૮૪:૩૧૪ |
| લીલો | - ૨૫૭:૨૮૪ | લોકો | - ૩૦૮:૬૩૬ |
| વહાણ | - ૨૩૩:૨૪૫ | વહેરો | - ૨૪૧:૫૪૮ |
| વિમાન | - ૩૦૪:૩૩૦ | શાક | - ૩૦૪:૮૧૫ |
| શિકાર | - ૩૦૪:૮૧૫ | શિયાળ | - ૨૯૯:૫૫૬ |
| સિંહ | - ૩૦૧:૩૭૦ | સફરજન | - ૨૬૩:૨૯૨ |
| સવાર | - ૨૩૮:૨૪૯ | સાલગીરી | - ૨૯૬:૩૬૭ |
| સિતમ | - ૨૩૧:૨૬૫ | હોળી | - ૨૨૩:૯૯૭ |

કુલ શબ્દો - ૫૬

<u>જૂથ નવમું :</u>

| | | | |
|---|---|---|---|
| વિદ્યાર્થીઓ | ૧૧૧ થી ૨૨૦ | | ૧૧ થી ૨૦ ટકા |
| આકાશ | - ૧૬૬:૨૨૦ | આગગાડી | - ૨૧૦:૩૮૨ |
| આપ | - ૨૦૨:૪૦૮ | ઇજાર | - ૧૫૦:૨૭૪ |
| એટલું | - ૧૫૧:૨૬૪ | ઊંડું | - ૧૧૬:૧૧૭ |
| અમે | - ૧૮૪:૩૧૩ | આઇસ્ક્રીમ | - ૧૪૧:૧૭૬ |
| આથમણું | - ૧૬૯:૧૭૩ | કારેલું | - ૧૧૧:૧૨૭ |
| કાણું | - ૧૨૭:૧૪૨ | કાંકરો | - ૧૮૦:૨૬૫ |
| કાંદો | - ૧૨૫:૧૩૫ | કિનારે | - ૧૩૭:૧૭૨ |
| કૂજો | - ૧૫૭:૨૩૪ | ખૂબ | - ૧૫૪:૨૩૧ |
| ખેતર | - ૧૭૩:૩૧૯ | ખેડૂત | - ૧૬૩:૨૬૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ ગાડી | - ૧૮૫:૨૭૭ | ગામ | - ૧૧૭:૨૨૯ |
| ઘઉં | - ૧૩૩:૧૩૬ | ઘોડાગાડી | - ૧૭૭:૧૮૩ |
| ઘાસ | - ૧૨૮:૧૩૩ | ઘણું | - ૧૩૭:૧૭૨ |
| ઘડિયાળ | - ૧૪૩:૧૫૧ | ચીકું | - ૨૧૮:૨૩૨ |
| છાએ | - ૧૯૨:૫૨૯ | છાંટવું | - ૧૪૩:૧૭૮ |
| જોયું | - ૧૭૬:૨૨૯ | જીભ | - ૨૨૦:૨૨૬ |
| ડુંગર | - ૧૮૩:૨૧૭ | તમે | - ૧૫૪:૧૮૩ |
| તરવું | - ૧૧૬:૧૩૦ | ત્યારે | - ૧૫૭:૨૯૮ |
| તહેવાર | - ૧૫૪:૨૦૮ | થોડું | - ૧૩૧:૧૪૫ |
| દૂધી | - ૨૦૮:૨૧૫ | દુકાનો | - ૧૬૧:૨૩૪ |
| નારંગી | - ૧૨૦:૧૨૬ | નીચું | - ૧૨૯:૧૭૫ |
| પડવું | - ૧૮૮:૨૭૩ | પણ | - ૧૮૪:૨૬૨ |
| પર | - ૧૬૪:૨૮૩ | પહેરવું | - ૧૫૭:૨૦૮ |
| પાપડી | - ૧૯૯:૨૦૮ | પાંજરું | - ૧૬૦:૧૭૭ |
| પેન્ટ | - ૧૨૧:૧૨૧ | પંખી | - ૧૪૧:૧૬૨ |
| પર્વત | - ૧૧૯:૧૫૪ | પૂજા | - ૧૭૭:૧૯૬ |
| પેટી | - ૧૭૯:૧૮૬ | પૂનમ | - ૧૫૪:૧૭૭ |
| પુરુષ | - ૨૨૦:૨૨૭ | [illegible] | |
| ફરવું | - ૧૨૨:૧૪૯ | ફરાક | - ૧૭૬:૧૭૭ |
| ફટાકડા | - ૧૭૮:૨૩૩ | બહુ | - ૧૪૧:૧૫૫ |
| બંગડી | - ૧૫૮:૧૬૧ | બાજો | - ૧૩૫:૧૬૧ |
| બેઠું | - ૧૪૭:૧૮૮ | બસ | - ૨૧૦:૨૨૯ |
| બારણું | - ૧૩૨:૧૪૩ | બાજરી | - ૧૩૯:૧૩૯ |
| બારી | - ૧૪૭:૧૪૯ | ભરવું | - ૧૧૪:૧૧૫ |
| ભીંડા | - ૧૩૩:૧૪૪ | મગર | - ૧૨૦:૨૭૯ |
| મને | - ૧૪૧:૩૮૭ | મરવું | - ૧૭૮:૨૧૭ |
| મેના | - ૧૧૮:૧૨૧ | મેળો | - ૨૧૫:૬૫૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬ | રમકડું | - ૨૦૦:૨૨૮ | રીંછ | - ૧૬૯:૧૭૫ |
| | રોટલા | - ૨૧૭:૨૪૪ | લાલ | - ૧૯૭:૨૨૮ |
| | લાવવું | - ૧૪૬:૧૬૯ | લાકડું | - ૧૧૨:૧૨૮ |
| | વાડો | - ૧૫૩:૧૮૯ | વેચવું | - ૧૨૪:૧૫૦ |
| | સસલું | - ૧૨૪:૧૮૬ | સાડી | - ૧૪૧:૧૪૬ |
| | સાજે | - ૧૮૮:૨૦૨ | સાધિયો | - ૧૬૫:૧૬૮ |
| | સળગાવવું | - ૧૧૧:૧૧૮ | કુલ શબ્દો | : ૮૭ |

**જૂથ દસમું :**

વિદ્યાર્થીઓ ૧ થી ૧૧૦      ૧ થી ૧૦ ૮૬૧

કુલ શબ્દો : ૧૭૮૮

આ શબ્દયાદી ધ્યાનપૂર્વક જોવાથી જણાશે કે -

1. સૌથી વધુ - ૮૯૬ વિદ્યાર્થીઓએ 'એક' શબ્દ ૨૮૫૪ વખત વાપર્યો છે.
2. ૮૪૨ વિદ્યાર્થીઓએ ' છે ' શબ્દ ૧૩,૧૬૯ વખત વાપર્યો છે.
3. ૮૪૬ વિદ્યાર્થીઓએ ' હતો ' શબ્દ ૨૧૦૪ વખત વાપર્યો છે.
4. ૨૨૧ થી ૩૩૦ વિદ્યાર્થીઓએ પાંચ શબ્દો અને ૧૧૧ થી ૨૨૦ વિદ્યાર્થીઓએ ૮૭ શબ્દો વિવિધ વાર વાપર્યા છે.

૨૭

[૩]

## શહેર અને ગ્રામવિસ્તારના બાળકોનું શબ્દભંડોળ

પ્રસ્તુત સંશોધનનો ત્રીજો હેતુ શહેરના તથા ગ્રામ વિસ્તારના બાળકોના શબ્દભંડોળની તુલના અંગેનો છે. પરિશિષ્ટ – ૨ ઉપરથી તૈયાર કરેલા કોઠા દ્વારા આ હેતુ સિધ્ધ થાય છે. કોઠો – ૮ શહેરમાં – ગામડામાં તથા બન્નેમાં વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની શ્રેણી તથા કક્કાવાર શબ્દસંખ્યા દર્શાવે છે.

## કોઠો – ૯

શહેરમાં ગામડામાં તથા બન્નેમાં વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની શ્રેણી તથા કક્કાવાર શબ્દ સંખ્યા

| શ્રેણી - ૪ | | | | શ્રેણી - ૫ | | | | એકંદરે |
|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] | કુલ | [illegible] | [illegible] | [illegible] | કુલ | સરવાળો |
| ૧૦ | ૧૧ | ૧૧ | ૩૨ | ૧૧ | ૧૨ | ૫ | ૨૮ | ૧૪૮ |
| ૪ | ૮ | - | ૧૨ | ૧૪ | ૩ | ૩ | ૨૦ | ૭૭ ૧૪૭ |
| ૧૦ | ૧ | ૫ | ૧૬ | ૭ | - | ૩ | ૧૦ | ૬૩ |
| ૧૧ | ૩ | ૬ | ૨૦ | ૮ | ૪ | ૩ | ૧૫ | ૮૯ |
| ૫ | - | - | ૫ | ૧ | ૧ | ૧ | ૩ | ૩૨ |
| ૬ | ૩ | ૩ | ૧૨ | ૮ | ૧ | ૨ | ૧૧ | ૬૩ |
| ૧ | - | ૧ | ૨ | ૨ | ૫ | - | ૭ | ૨૯ |
| ૧૪ | ૩ | ૩ | ૨૦ | ૭ | ૬ | ૧ | ૧૪ | ૮૬ |
| ૩ | - | - | ૩ | ૩ | - | ૨ | ૫ | ૧૮ |
| ૫ | ૭ | ૨ | ૧૪ | ૫ | ૪ | ૩ | ૧૨ | ૪૦ |
| - | - | - | - | ૧ | - | - | ૧ | ૪ |
| ૬ | ૧ | ૧ | ૮ | ૩ | - | - | ૩ | ૨૩ |
| ૧ | - | - | ૧ | ૧ | - | - | ૧ | ૧૦ |
| ૧૧ | ૧ | ૩ | ૧૫ | ૫ | ૪ | ૧ | ૧૦ | ૭૦ |
| ૩ | - | ૧ | ૪ | ૧ | - | ૧ | ૨ | ૧૦ |

| શ્રેણી - ૪ | | | | શ્રેણી - ૫ | | | | એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરી | ગ્રામીણ | ઇતર | કુલ | શહેરી | ગ્રામીણ | ઇતર | કુલ | સરવાળો |
| ૯ | ૧૧ | ૫ | ૨૫ | ૮ | ૨ | ૨ | ૧૨ | ૮૬ |
| ૮ | – | ૪ | ૧૨ | – | ૪ | ૧ | ૫ | ૨૬ |
| ૪ | ૩ | ૩ | ૧૦ | ૭ | ૪ | ૧ | ૧૨ | ૫૩ |
| ૧૧ | ૧ | ૪ | ૧૬ | ૧૦ | ૬ | ૨ | ૧૮ | ૧૩૯ |
| ૮ | ૧ | ૧ | ૧૦ | ૯ | ૫ | ૧ | ૧૫ | ૫૧ |
| ૧૪ | ૫ | ૨ | ૨૧ | ૧૪ | ૧ | – | ૧૫ | ૯૮ |
| ૧૩ | ૬ | ૧ | ૨૦ | ૨ | ૩ | ૧ | ૬ | ૬૫ |
| ૧૫ | ૪ | ૩ | ૨૨ | ૧૮ | ૬ | ૯ | ૩૩ | ૧૪૦ |
| ૧ | – | – | ૧ | ૨ | – | – | ૨ | ૪ |
| ૧૧ | ૭ | ૧ | ૧૯ | ૧૦ | ૩ | ૧ | ૧૪ | ૮૪ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૮ | ૩ | ૨ | ૧૩ | ૬૯ |
| ૧૬ | ૩ | ૨ | ૨૧ | ૧૩ | – | ૨ | ૧૫ | ૯૪ |
| ૬ | – | ૨ | ૮ | ૨ | ૧ | – | ૩ | ૩૬ |
| ૨૩ | ૬ | ૬ | ૩૫ | ૧૨ | ૮ | ૧ | ૨૧ | ૧૩૯ |
| ૮ | ૭ | ૩ | ૧૮ | ૪ | ૬ | ૧ | ૧૧ | ૬૦ |
| ૨૪૦ | ૯૪ | ૭૪ | ૪૦૮ | ૧૯૬ | ૯૨ | ૪૯ | ૩૩૭ | ૧૯૭૩ |

ઉપરના કોઠાનો અભ્યાસ કરતાં જણાશે કે કુલ ૧૯૭૩ વિવિધ વાપર શબ્દો શ્રેણીવાર અને શહેર:ગ્રામ વિસ્તાર મુજબ નીચે પ્રમાણે વહેંચાઇ જાય છે.

## કોઠો - ૧૦

### શહેર અને ગ્રામ વિસ્તારના
### વિદ્યાર્થીઓના વાપર શબ્દોની શ્રેણીવાર સંખ્યા

| શ્રેણી | શહેર વિસ્તાર | ગ્રામ વિસ્તાર | બન્નેમાં | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૯૬ | ૧૮૭ | ૧૫૧ | ૪૩૪ |
| ૨ | ૧૨૨ | ૮૩ | ૩૩ | ૨૩૮ |
| ૩ | ૩૦૪ | ૧૨૪ | ૧૨૮ | ૫૫૬ |
| ૪ | ૨૪૦ | ૯૪ | ૭૪ | ૪૦૮ |
| ૫ | ૧૯૬ | ૯૨ | ૪૯ | ૩૩૭ |
| | ૯૫૮ | ૫૮૦ | ૪૩૫ | ૧૯૭૩ |

આનો સારાંશ એ કે શહેરની શાળાઓની પાંચે શ્રેણીના વિદ્યાર્થીઓએ કુલ (૯૫૮ + ૪૩૫ =) ૧૩૯૩ શબ્દો વાપર્યા છે, જ્યારે ગ્રામ વિસ્તારની શાળાઓની પાંચે શ્રેણીના વિદ્યાર્થીઓએ કુલ (૫૮૦ + ૪૩૫ =) ૧,૦૧૫ શબ્દો વાપર્યા છે. આમાં ૪૩૫ શબ્દો બેઉમાં સમાન છે. આ કોઠા પરથી બીજું તારણ એ નીકળે છે કે સમાન શબ્દો બાદ કરતાં શહેરના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ગામડાના વિદ્યાર્થીઓ કરતાં ૩૭૮ શબ્દો

૩૭ જેટલું વધારે છે. બીજાં કેટલાંક તારણો નીચે આપ્યાં છે.

૧. એક નવાઇ પમાડે એવી હકીકત એ છે કે પહેલી શ્રેણીના ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ શહેરના વિદ્યાર્થીઓ કરતાં વધારે શબ્દો વાપર્યાં છે.

૨. બીજી બધી શ્રેણીઓમાં આથી ઉલટું છે. શહેરના વિદ્યાર્થીઓએ દોઢથી અઢી ગણા વધારે શબ્દો વાપર્યાં છે.

૩. સમાન શબ્દોની સંખ્યા પણ પહેલી અને ત્રીજી શ્રેણીમાં જેટલી છે એટલી વાકીની શ્રેણીઓમાં નથી.

૪. એકંદરે બેઉ વિસ્તારમાં શ્રેણી ૨ ના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ પ્રમાણમાં ઘણું ઓછું છે.

શબ્દભંડોળ અંગે શહેરમાં વસતા વિદ્યાર્થીઓની ઉચ્ચ સિધ્ધિ સ્વાભાવિક લાગે છે. સામાન્ય રીતે સામાજિક, આર્થિક ને શૈક્ષણિક ક્ષેત્રે શહેરની સ્થિતિ ગામડાં કરતાં વધારે સારી હોય છે. સંભવ છે કે શહેરના નાગરિકો શિક્ષણનું મૂલ્ય બરાબર સમજતા હશે, અને પોતાનાં સંતાનોની કેળવણી પાછળ કદાચ વિશેષ ધ્યાન આપતા હશે. તેઓ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પોતાનાં સંતાનોને સંભવત: વધુ સારો સાંસ્કૃતિક વારસો આપી જતાં હશે. વળી શહેરમાં વસતા ને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આસપાસના સમાજની વધારે અસર પડતી હોય છે. જુદા જુદા વ્યવસાયોની પરિભાષા, વર્તમાનપત્ર અને રેડિયો તથા સિનેમા અને ટેલિવીઝન જયાં હોય ત્યાં એમના શબ્દભંડોળનો વિકાસ સાધવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.

ઉપરોક્ત પહેલી ને છેલ્લી વાતનો તાગ આ સંશોધન-મંથી નીકળતો નથી. એને વિશે વધુ સંશોધન આવશ્યક લાગે છે.

આખા સંશોધનનો નિચોડ એક રીતે જોઇએ તો પરિશિષ્ટ ૨ માં આવી જાય છે. એમાં શહેર અને ગ્રામ વિસ્તારના દરેક શ્રેણીના કેટલા વિદ્યાર્થીઓએ કયા કયા શબ્દો કેટલી વાર વાપર્યા તેની માહિતી મળે છે. આ માહિતીને આધારે સંશોધકે ત્રણ યાદીઓ તૈયાર કરી:

૧. શહેરના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દો,

૨. ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દો, અને

૩. બેઉ વિસ્તારના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દો

ઉપર કોઠા ૧૦ માં બતાવ્યા પ્રમાણે ત્રણે યાદીની શબ્દસંખ્યા અનુક્રમે ૬૫૮, ૫૮૦ અને ૪૩૫ છે.

શહેર અને ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની તુલનાત્મક યાદી (શબ્દયાદી – ૩)

આ શબ્દયાદીઓનો અભ્યાસ કરતાં એમાંથી નીચેની વસ્તુઓ ફલિત થાય છે:

૧. એકંદરે બેઉ વિસ્તારના વિદ્યાર્થીઓએ પોતાના પ્રત્યક્ષાનુભવના ક્ષેત્રોને લગતા શબ્દો સારા પ્રમાણમાં ને યથોચિત રીતે વાપર્યા છે. નીચે આપેલી નોંધની મર્યાદામાં રહીને એમ કહી શકાય કે શહેર અને ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓના વાપર શબ્દોમાં ખાસ નોંધપાત્ર તફાવત નથી, અર્થાત્, ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓની ભાષામાં ગ્રામીણતાનું પ્રમાણ નહીંવત્ છે.

૨. શહેરના વિદ્યાર્થીઓના લખાણમાં કેટલાક તત્સમ અને સાક્ષરી શબ્દો જોવા મળે છે. દાખલા તરીકે –

(શબ્દયાદી - ૨)

| | | | |
|---|---|---|---|
| ૩૯ રત્નાકર | યાત્રા | યુક્તિ | રાષ્ટ્રીય |
| અવકાશ | કાવ્ય | કવિ | કવિ |
| ગર્જના | ચિરાગ | દેવદર્શન | દીપમાળ |
| રક્ષણ | વર્ષા | વર્તુળ | વિદ્યાર્થી |
| શારદાપૂજન | શિક્ષક | શિષ્ય | સંપૂર્ણ |
| સૂર્યોદય | સૂર્યાસ્ત | સ્નાન | |

ગ્રામવિસ્તારના વિદ્યાર્થીઓએ આવા શબ્દો વાપર્યા છે ખરા, પરંતુ પ્રમાણમાં ઘણા ઓછા - દા. ત.

| | | | |
|---|---|---|---|
| ન્યાય | પૂજા | મુનિ | મધુર |
| વૃક્ષ | વિદ્યા | વિયોગ | સૂર્યમુખી |
| હુતાશની | | | |

૩. કેટલીક વાર એક જ વસ્તુ માટે શહેર અને ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ જુદા જુદા શબ્દો વાપરેલા માલૂમ પડે છે. દાખલા તરીકે -

| શહેર | ગામ |
|---|---|
| ખિસ્સુ | ગજવું |
| ગુડિયા | ઢીંગલી |
| ચિરાગ | અગ્નિ (લેઉમાં) |
| ગુદડી | ઓઢણું |
| બ્લાઉઝ | કબજો |
| યાત્રા | જાત્રા |
| સંપૂર્ણ | પૂરો |
| પાટલૂન | તંગિયો |

૪૦ બેઉ વિસ્તારમાં એક જ વસ્તુ માટે જુદા જુદા શબ્દો વાપરવામાં આવ્યા છે. દાખલા તરીકે -

| | | |
|---|---|---|
| ચણિયો | ઘાઘરો | પેટીકોટ |
| લેંઘો | પાયજામો | આગગાડી |
| છુકગાડી | અછોડો | નેકલેસ - વગેરે |

૪. જીવન વ્યવહારમાં વિદેશી ભાષાના ખાસ કરીને અંગ્રેજી જે શબ્દો પ્રચલિત થયા છે તેનું પ્રતિબિંબ વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં આ પ્રમાણે જોવા મળે છે :

<u>શહેર વિસ્તારમાં</u> -

| | | |
|---|---|---|
| આઇસ્ક્રીમ | એરોપ્લેન | એંજિનિયર |
| ઓફિસ | કાર્ડ | કેક |
| કેલેન્ડર | કાર્બન | કાર |
| ટિકિટ | ટાઇમટેબલ | ટિફિન |
| ટ્યૂબલાઇટ | ટેલિફોન | ટ્રીપોય |
| ટેપ | ટેમ્પો | ટ્રેનીંગ |
| ડસ્ટર | ડબલ ડેકર | ડાઇનીંગ ટેબલ |
| ડોક્ટર | નેકલેસ | નોટબુક |
| પર્સ | પેટીકોટ | પેઇન્ટર |
| પેટીસ | પેન્સિલ | પેપર |
| પોલીસ | પોસ્ટઓફિસ | ફર્નિચર |
| ફાઇન | ફાઉન્ટન | મીની સ્કર્ટ |
| મફલર | મશીન | મોટર સાઇકલ |
| [illegible] | મેઇનરોડ | લાઇટ |
| રાઇફલ | રેકર્ડ | વાયરલેસ |
| સ્કૂટર | | |

૩૬
૪૧

| | | | | |
|---|---|---|---|---|
| સ્વેટર | સમોસું | સોફા | સ્કૂલ | સ્કાર્ફ |
| સ્ટીમર | સ્ટુડિયો | સૂટ | સ્ટવ | સ્ટીમલોંચ |
| સ્ટેજ | સ્લેક્સ | સ્લોટ | સિનેમા | |
| હેલીકોપ્ટર | હોટલ | | | |

ગ્રામ વિસ્તારમાં –

| | | | | |
|---|---|---|---|---|
| એરીંગ | કટ (સ્કર્ટ) | કેરમ | ક્લેક્ટર | કેરોસીન |
| ગાર્ડમાસ્તર | જરસી | જીપ | જીપ્રા | જેલ |
| પેન્ટ | ફૂટબૉલ | ફોન | બલૂન | બાળાસૂટ |
| બાસ્કેટ | મિનિટ | રીંગ | રિબિન | રોકેટ |
| રેડી | લેઝીમ | સબમરીન | સીલેટ | સ્લેટ |

વેઉમાં –

| | | | | |
|---|---|---|---|---|
| એન્જિન | જરકીન | જિરાફ | નાયલોન | રિક્ષા |
| રેડિયો | રજીસ્ટર | હોટેલ | હિપોપોટેમસ | |

ઉપરોક્ત યાદી પરથી સમજાશે કે મોટે ભાગે ફર્નીચર વાહનો, પહેરવાનાં કપડાં, ઇત્યાદિ માટે સમાજમાં રૂઢ થયેલા વિદેશી શબ્દો વિદ્યાર્થીઓએ પોતાની ભાષામાં વણી લીધા છે. એમાં ય શહેર વિસ્તારના બાળકોની ભાષા ઉપર આવા ઘણા શબ્દોની અસર જોવા મળે છે. હવે તો આમાંના ઘણા શબ્દો ગુજરાતી ભાષામાં રૂઢ થઇ ગયા છે. નોંધપાત્ર બીના તો એ છે કે ૬ થી ૧૧ વર્ષના વયજૂથનાં બાળકોની ભાષામાં પણ એ રૂઢ થયેલાં માલૂમ પડે છે.

૫. સંશોધન માટે પસંદ કરેલાં ગામો, અગાઉ જણાવ્યું છે તેમ, સૂરત શહેરની ઘણા નજીક હોવાથી, તેમ જ ત્યાંથી ઘણા લોકો પોતાના કામધંધા માટે રોજ શહેરમાં આવતા હોવાથી

૩૭ એમની ભાષામાં કશો નોંધપાત્ર ફેર માલૂમ પડતો નથી. કદાચ શહેરથી દૂર આવેલાં ગામોના અથવા તો આદિવાસી વિસ્તારનાં ગામોના વિદ્યાર્થીઓની ભાષાના નમૂના લીધા હોય તો ભાષાભેદ વધુ તીવ્રપણે નજરે પડે.

આમ છતાં અહીં પણ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ કેટલાક એવા શબ્દો વાપર્યા છે જે એમના સમાજમાં વધુ પ્રચલિત હોય. એવા થોડાક શબ્દોની યાદી નીચે આપી છે:

| | | | | |
|---|---|---|---|---|
| આણું | ઓળો | કાવડ | કાલુ | કૂવો |
| કોડિયું | ખેતર | ખાટલો | ગરેડી | ગઠ્ઠો |
| ગાડું | ગેડી | ગોટલી | ગજી | ચરકલું |
| છી | છાણું | છીંડું | છુકગાડી | જાંઘ |
| જોડા | ઝભલું | ટોપલો | ઠળિયો | તંગિયો |
| તગારું | દતારી (ળી) | બળદ | બેટો | ભોંય |
| ભૂંડું | મછવો | માટલું | રેંટિયો | લોઢું |
| વારો | વછેડી | વછેડો | હાંકવું | હાંકનારો |
| હાંસડી | | | | |

[૪]

## અન્ય ભાષાના શબ્દોનો વપરાશ

સંશોધનનો એક હેતુ અન્ય ભાષાઓની અસર ગુજરાતી શબ્દભંડોળ પર કેટલી પડી તે કાઢવાનો હતો. આમ તો ગુજરાતી ભાષા સંસ્કૃત કુળની ભાષા હોવાથી એના પર એ ભાષાની સૌથી ઘેરી અસર પડે એ સ્વાભાવિક છે. આપણા સાર્થ જોડણીકોશમાં આપેલા શબ્દોના ૩૫ ટકા સંસ્કૃત, ૩ ટકા ફારસી, ૧.૫ ટકા અરબી અને માત્ર ૦.૫ ટકા અંગ્રેજી ભાષાના શબ્દો હોવાનું એની ત્રીજી આવૃત્તિ ૧૯૩૭ ના નિવેદનમાં જણાવ્યું છે.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલા ૧૯૭૩ શબ્દો પૈકી ૧૪૯ એટલે ૭.૫ ટકા અરબી-ફારસી ભાષાના અને ૮૫ એટલે ૪.૩ ટકા અંગ્રેજી ભાષાના શબ્દો છે. સમગ્ર ગુજરાતી શબ્દભંડોળના વિભાજનની સરખામણીમાં નાના બાળકોની શરૂઆતની વાપર ભાષામાં ઉપરોક્ત વિદેશી ભાષાના શબ્દોનું પ્રમાણ વધારે કહેવાય. છતાં આ ભાષાઓની અસર બાળકોની શરૂઆતની વાપર ભાષા પર નોંધપાત્ર રીતે પડે છે એ હકીકતનો સૌએ સ્વીકાર કરવો ઘટે.

ઉપરોક્ત અરબી-ફારસી અને અંગ્રેજી શબ્દોની યાદી પરિશિષ્ટ ૪ માં આપી છે.

આ યાદીનો અભ્યાસ કરતાં અભ્યાસીને જણાશે કે નીચેના શબ્દો તો ગુજરાતી ભાષામાં એવા રૂઢ થઇ ગયા છે કે જો એની વ્યુત્પત્તિનો અભ્યાસ ન કરીએ તો એમાં પરદેશી

ભાષાનો આભાસ પણ ન લાગે. દાખલા તરીકે –

| | | | |
|---|---|---|---|
| અખરોટ | ઉમરાવ | કફની | ખરીદવું |
| ખૂમચો | ગિરદી | ચાકરી | જમીન |
| જરૂર | ઝભ્ભું | ઝભ્ભો | તકરાર |
| તકિયો | દગો | દરજી | નક્કી |
| નોકર | પાયજામો | બગીચો | બરફ |
| મકાન | મજૂર | રકાબી | રૂમાલ |
| લાશ | લેઝિમ | વકીલ | વારસ |
| શહેર | શાલ | સફેદ | હલવો |
| હવા | ... | ... | વગેરે |

ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો અરબી ફારસી ભાષાઓની અસર વિશેષે કરીને મુસલમાન સુલતાનો અને પાદશાહોના અમલ દરમિયાન થઇ હતી. ભારતમાં જયાં જયાં તેઓ પોતાની હકૂમત જમાવતા ગયા ત્યાં રાજ્ય-ભાષા યા સરકારી ભાષા તરીકે ફારસી ભાષાનો ઉપયોગ થતો હોવાથી એ ભાષાના કેટલાક શબ્દો સામાન્ય વ્યવહારમાં વપરાવા લાગ્યા, પરિણામે લોકભાષા પણ એથી મુક્ત રહી શકી નહીં. જો કે આરબો સાથેનો આપણો વહેવાર સીધો યા મોટા પ્રમાણમાં નહોતો છતાં આરબો ઇરાનમાં જઇને વસ્યા હોવાથી ફારસી ભાષા ઉપર એમની ભાષાની સારી અસર પહોંચી હતી, બલકે એ ભાષા અરબી કુળની જ હતી. આથી અફઘાનો અને મુગલોની ભાષામાં ઘણા અરબી શબ્દો ભળી ગયા. મુસલમાન રાજવીઓ તથા અમીર-ઉમરાવોની ફારસી ભાષાની અસર મધ્યકાલીન ભારતમાં વિકસેલી ઉર્દૂ ભાષા ઉપર અને તેની મારફત હિંદી, ગૂજરાતી, આદિ પ્રાદેશિક ભાષાઓ પર પણ થઇ.

અરબી – ફારસી ભાષાની જેમ અંગ્રેજી ભાષાની પણ ઘેરી અસર ભારતના લોકજીવન પર પડી છે અને તે ભિન્ન ભિન્ન પ્રાદેશિક ભાષાઓમાં પ્રતિબિંબિત થાય છે. અંગ્રેજી શાસનનો અંત આવ્યો તે પછીના સમયમાં પણ, જો કે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ ઘટવા લાગ્યું છે છતાં, અંગ્રેજી ભાષાની અસર કાયમ રહી છે. આનું કારણ એ છે કે વિજ્ઞાન અને યંત્રોદ્યોગવિદ્યાના ક્ષેત્રમાં વિશ્વ ઝડપભેર જે પ્રગતિ કરી રહ્યું છે તેની અસર આપણા જીવનવ્યવહાર ઉપર ચાલુ છે. એના પારિભાષિક શબ્દોનું હિંદીકરણ હજી પૂરેપૂરું થયું નહીં હોવાથી એના આ વિશ્વ ભાષામાં વપરાતા શબ્દો જેમ છે તેમ જ આપણી ભાષામાં રૂઢ થવા લાગ્યા છે. આ વાત ઉપર ચોથી કંડિકામાં સ્પષ્ટ કરી છે. નગર તેમ જ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓએ વાપરેલા અનેક અંગ્રેજી શબ્દો આ વાતની સાખ પૂરે છે. ગૂજરાતી ભાષામાં રૂઢ થયેલા અંગ્રેજી શબ્દોની યાદી અહીં ફરીથી ઉતારી નથી. એ પરિશિષ્ટ ૪ માંથી મેળવી લેવા વાચકોને વિનંતી છે.

વિદ્યાર્થીઓની આ શબ્દયાદી પર નજર નાખતાં સમજાશે કે નવાં વૈજ્ઞાનિક સાધનો, વાહનો, ટેલિફોન જેવાં વ્યવહારનાં સાધનો, પહેરવેશ કપડાં, ખાણીપીણી ઇત્યાદિ માટે અંગ્રેજ સમાજમાં પ્રચલિત શબ્દો જ આપણે સીધા અપનાવી લીધા છે. ટેબલ, ટેલિફોન, સ્ટેશન, જેવા શબ્દો સરસ રીતે અર્થવાહક હોવાથી આપણી બોલીમાં એ વણાઇ ગયા છે. એવા શબ્દોને પણ દરજી, તકરાર, જમીન, મકાન કે વકીલની જેમ આપણે ગૂજરાતી ભાષાના શબ્દો ગણી લેવા જોઇએ.

[૫]

## વાચનમાળાના શબ્દભંડોળ સાથે સરખામણી

આ સંશોધનકારા શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓનો વાપર શબ્દભંડોળ ૧૯૭૩ નક્કી થયો. આખા ગુજરાત રાજ્યમાં આ શ્રેણી/વયજૂથના વિદ્યાર્થીઓ એક જ વાચનમાળા વાપરે છે. આ વાચનમાળા રાજ્ય પાઠ્યપુસ્તક મંડળે નિષ્ણાતો પાસે તૈયાર કરાવી છે. આથી સંશોધનકારા પ્રાપ્ત થયેલી શબ્દયાદીને વાચનમાળાના વિવિધ શબ્દોની યાદી સાથે સરખામણી કરવાનો વિચાર સંશોધકને આવ્યો અને એ કામ હાથ ધરવામાં આવ્યું.

આગળ જણાવવામાં આવ્યું છે તેમ સંશોધન માટે પસંદ કરેલા વિદ્યાર્થીઓએ કુલ ૧,૧૧,૮૬૯ શબ્દો વાપર્યાં હતા, જેમાંથી વિવિધ વાપર-શબ્દોની યાદી બનાવવામાં આવી હતી. વાચનમાળામાં વપરાયેલા કુલ ચાલુ શબ્દોની સંખ્યા નીચે આપી છે. શ્રેણી ૧ થી ૪ ની વાચનમાળાને અંતે નવા/અઘરા શબ્દોની યાદી આપવામાં આવી છે. એની સંખ્યા પણ બાજુમાં આપી છે.

કોઠો-૨૧

વાચનમાળાના ચાલુ તથા નવા શબ્દોની શ્રેણીવાર સંખ્યા

| વાચનમાળા શ્રેણી | કુલ ચાલુ શબ્દો | કુલ નવા શબ્દો |
|---|---|---|
| ૧ | ૩,૦૬૯ | ૩૩૬ |
| ૨ | ૬,૯૫૪ | ૩૦૧ |
| ૩ | ૧૦,૪૧૩ | ૫૪૪ |
| ૪ | ૧૪,૩૧૬ | ૭૬૯ |
| ૫ | ૨૦,૫૨૯ | ૩૨૮ |
| | ૫૫,૨૮૧ | ૨,૨૭૮ |

પાઠ્યપુસ્તકને અંતે આપેલી યાદીમાં શબ્દસંખ્યા ઓછી માલૂમ પડવાથી સંશોધકને લાગ્યું કે કદાચ એમાં માત્ર અઘરા શબ્દો ~~શબ્દો~~ લીધા હશે, બધા નવા શબ્દો નહીં લીધા હોય. આથી એમણે દરેક પુસ્તકમાંથી સ્વતંત્રપણે નવા શબ્દોની યાદી બનાવી અને તેને સંશોધનની શ્રેણીવાર શબ્દયાદી સાથે સરખાવી. એની વિગત નીચેના કોઠામાં આપી છે.

કોઠો – ૧૨

સંશોધન અને વાચનમાળામાં

| શ્રેણી | પહેલીવાર વાપરેલા શબ્દોની સંખ્યા | |
|---|---|---|
| | સંશોધન | વાચનમાળા |
| ૧ | ૪૩૪ | ૩૩૬ |
| ૨ | ૨૩૮ | ૩૦૧ |
| ૩ | ૫૫૬ | ૫૪૪ |
| ૪ | ૪૦૮ | ૭૬૯ |
| ૫ | ૩૩૭ | ૩૨૮ |
| | ૧,૯૭૩ | ૨,૨૭૮ |

વાચનમાળામાંથી એકઠા કરેલા ૨,૨૭૮ વિવિધ શબ્દોની યાદી પરિશિષ્ટ ૫ માં આપી છે. (જુઓ: પા. ૫૧૨ થી ૫૩૦)

ઉપરના કોઠાનો અભ્યાસ કરતાં કેટલીક બાબતો સહજ રીતે અભ્યાસીના ધ્યાન પર આવે છે:

૧. શ્રેણી ૧, ~~૪~~, ૩ અને ૫ માં સંશોધનદ્વારા પ્રાપ્ત થયેલ વિવિધ વાપર–શબ્દોની સંખ્યા ~~શબ્દ~~ વાચનમાળામાંથી પ્રાપ્ત થયેલ વિવિધ શબ્દસંખ્યા કરતાં સહેજ વધારે છે, જ્યારે શ્રેણી ૪ માં વાચનમાળામાંથી મળેલા શબ્દોની સંખ્યા ઘણી વધારે છે.

૨. સંશોધન પહેલી શ્રેણીના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ પહેલી વાચનમાળાના શબ્દભંડોળ કરતાં વધારે બતાવે છે.

૩. સંશોધન તેમ જ વાચનમાળામાંથી પ્રાપ્ત થયેલ શબ્દ સંખ્યા અન્ય શ્રેણીઓની સરખામણીમાં શ્રેણી ૨ માં સૌથી ઓછી છે, પહેલી શ્રેણી કરતાં પણ આ સંખ્યા ઓછી માલૂમ પડી છે એ વિશેષે કરીને નોંધપાત્ર છે. એજ રીતે શબ્દભંડોળના વિકાસની ઓછી ગતિ શ્રેણી ૫ માં પણ જોવા મળે છે.

૪. સંશોધન તેમ જ વાચનમાળામાં શ્રેણી ૩ ના શબ્દ ભંડોળમાં લગભગ સરખો ને ઝડપી વિકાસ થયેલો નજરે પડે છે.

૫. વાચનમાળાનું ચોથું પુસ્તક ૭૬૯ નવા શબ્દોનું જે ભંડોળ બતાવે છે તે એના સંપાદકોની કોઇ પૂર્વ યોજનાનું પરિણામ હોય એમ જણાતું નથી, કેમ કે જો તેમ હોત તો જુદી જુદી શ્રેણીઓમાં નવા શબ્દોની વધઘટ આટલા પ્રમાણમાં થઇ હોત નહીં.

૬. ઉપરોકત તુલનાત્મક અભ્યાસને પરિણામે એવું તારણ કાઢવું સંશોધકને વાજબી લાગે છે કે આપણી પ્રાથમિક શાળાઓમાં ભાષાનો અભ્યાસ યા પાઠ્યપુસ્તકોની રચના શબ્દભંડોળ-મૂલક નથી. જો વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો વિકાસ પૂર્વયોજિત - પૂર્વરચિત શબ્દયાદીને અનુલક્ષીને કરવામાં આવે તો પ્રાપ્ત વાપર શબ્દભંડોળના વિકાસમાં એકસરખાપણું જાળવી શકાયું હોત. પાઠ્યપુસ્તકો પણ સંશોધન દ્વારા પ્રમાણિત શબ્દયાદીને આધારે રચાયાં હોત તો તેના શ્રેણીવાર શબ્દભંડોળની સંખ્યામાં હાલ નજરે પડે છે એવી મોટી વધઘટ થઇ હોત નહીં.

## સંશોધન અને વાચનમાળાની શબ્દયાદીમાં સમાન શબ્દો :

સંશોધકે બેઉ શબ્દયાદીનો તુલનાત્મક અભ્યાસ બીજી એક દૃષ્ટિએ પણ હાથ ધર્યો. આ બેઉ યાદીમાં સમાન શબ્દો કેટલા? સંશોધનમાં પ્રાપ્ત થયેલ ૧૯૭૩ વાપર - શબ્દોમાંથી માત્ર નીચે આપેલા ૩૫૪ શબ્દો જ વાચનમાળાના એક યા બીજા પુસ્તકમાં વપરાયેલા જોવા મળ્યા. આ સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે, સંશોધનના કુલ શબ્દોના ૧૮.૪ ટકા અને વાચનમાળાના શબ્દોના ૧૪.૮ ટકા જેટલા જ શબ્દો બેઉમાં વપરાયા છે.

૫૦

## શબ્દયાદી – 3

### સંશોધન અને વાચનમાળાના સમાન શબ્દો

| | | | | |
|---|---|---|---|---|
| અગાશી → | અવાજ → | આકાશ → | આગગાડી → | આંખ |
| ઉતરાણ | ઉંદર | ઊંઘ | ઊંચું | ઊંટ |
| એક | ઊંડું | અલોપ | આંસુ | ઇચ્છા |
| ઈંડું | ઓટલો | અચાનક | અનાજ | અમે |
| આઇસ્ક્રીમ | આગબોટ | આનંદ | આંતરડું | ઉપાય |
| ઓટલી | આદમી | આપવું | આશીર્વાદ | આસન |
| આસો | આસોપાલવ | આળસુ | આંગણું | ઇનામ |
| ઓરડી | અગ્નિ | અપંગ | અમૂલ્ય | ઉત્તર |
| ઉત્સવ | ઉનાળો | | | |
| કરવું → | કાકા → | કાગડા → | કાકી → | કાન |
| કાવડ | કિનારે | કૂતરો | કૂવો | કેરી |
| કેળું | કોટ | કઠિયારો | કુટુંબ | કુહાડી |
| કૂકડો | કકડવું | કપાસ | કબાટ | કબૂલ |
| કંચન | કંટાળવું | કંઠ | કાગળ | કાકા |
| કાકાકૌઆ | કાચ | કાંડ | કાબર | કારીગર |
| કોઠી | કોશ | કિલ્લો | | |
| ખવડાવવું → | ખાવું → | ખુશ → | ખુશી → | ખૂબ |
| ખલ | ખમીસ | ખાઈ | ખૂણો | ખેતર |
| ખબર | ખરીદવું | ખાદી | ખો | ખારું |
| ખાડો | ખેડૂત | ખેડવું | ખેલ | ખજૂર |
| ખલાસ | ખસ | ખાતરી | ખરાબ | |
| ગામ → | ગાય → | ગીત → | ગુલાબ → | ગજવું |

૫૧

| | | | | |
|---|---|---|---|---|
| ગુરુ | ગધેડો | ગમ | ગરીબ | ગાડું |
| ગુલાટ | ગુસ્સો | ગોઠવાયેલું | ગરમ | ગ્રહ |
| ગુમ | ગેંડો | ગોવાળ | ગર્જના | ગરબા |
| ગુજરાત | | | | |
| ઘર | ઘી | ઘૂઘરો | ઘોડો | ઘાસ |
| ચકલી | ચતુર | ચપચપ | ચંપો | ચગડોળ |
| ચંદ્ર | ચીકુ | ચિત્તો | ચીભડું | ચાલક |
| ચણી | ચક્ર | | | |
| છત્રી | છાપું | છોડ | | |
| જમરૂખ | જંગલ | જાંબુ | જૂઈ | જળ |
| જૂઠું | જેલ | જડ | જલદી | જવ |
| જાદુગર | જાહેરાત | જોર | જવાબ | જામલી |
| જરૂર | જુગાર | | | |
| ઝટપટ | ઝૂંપડું | ઝોલા | ઝારી | ઝડપ |
| ટોપી | ટેબલ | ટોપલી | ટ્રેક્ટર | ટેલિફોન |
| ટપાલી | | | | |
| ઠળિયો | ઠરેલું | ઠેકવું | ઠેકાણે | |
| ડિલ | ડોલ | ડાળ | | |
| ઢગલો | ઢીંગલી | ઢોર | | |
| તલવાર | તડબૂચ | તાડ | તીર | તડકો |
| તરસ | તારા | તેલ | તૈયાર | તહેવાર |
| તરફડવું | | | | |

૫૨

| | | | | |
|---|---|---|---|---|
| થાળી | થાભલો | થોભિયો | | |
| દરરોજ | દાણો | દાંત | દિવસ | દૂધ |
| દેરું | દહીં | દાળ | દયા | દરિયો |
| દુઃખ | દૂધપાક | દોણી | દેખાવું | દાતરડું |
| દારૂ | દિવાળી | દુકાનો | દાડમ | દઇશ |
| દગો | દર | દાનત | દીવો | દીપાવવું |
| દુનિયા | દેવ | દોસ્ત | દવાખાનું | દશ |
| દીયર | દૂતો | દૂરબીન | દાવ | |
| ધનવાન | ધંધો | ધીરજ | ધાણી | ધરતી |
| નદી | નવડાવવું | નળ | નોકર | નક્કી |
| નાસ્તો | નદી | નામું | નખ | નવાઇ |
| ન્યાય | | | | |
| પગ | પર | પહેલાં | પાણી | પાળ |
| પુત્ર | પુલ | પૂંછડી | પેંડા | પેપર |
| પત્ની | પંખી | પાક | પાપ | પારધી |
| પૂજા | પૂરો | પવિત્ર | પાટિયું | પાંખ |
| પતંગિયું | પિતા | પરસેવો | પરિચય | પાણીદાર |
| પોષ્ટઓફિસ | | | | |
| ફેરિયો | ફળિયું | ફુગ્ગો | ફટાકડા | ફાળિયું |
| ફીકા | | | | |
| બતક | બધાં | બરફી | બંગડી | બંદૂક |
| બાગ | બિલાડી | બેટ | બજાર | બસ |
| બે | બેન | બંગલો | બાર | બેટો |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩ બત્તી | બપોર | બરાબર | બિસ્કિટ | બુદ્ધિ |
| બંબો | | | | |
| ભાત | ભીંડા | ભૂખ | ભમવું | ભીંત |
| ભેટ | ભોજન | ભક્ત | ભાભી | ભજન |
| ભરવાડ | ભાતભાત | ભારત | ભાવવું | ભૂવો |
| ભેંસ | ભોંયરું | | | |
| મગ | મગર | મજા | મીઠાઈ | મોટર |
| મસ્જિદ | માર | મોસ | મુનિ | મામા |
| મધ | મધુર | મહેમાન | મહેલ | માખણ |
| માટી | મોચી | મોજ | મહાન | મહારાજ |
| મિનિટ | મગજ | મજૂર | માન | મેજ |
| મોજાં | મેદાન | યુક્તિ | | |
| રબારી | રમવું | રાગ | રાજા | રોટલી |
| રોટલા | રમત | રક્ષણ | રસ | રાજકુમાર |
| રૂપિયા | રેડિયો | રજા | રત્નાકર | રસોઈ |
| રંગબેરંગી | રૂ | રેલગાડી | રેંટિયો | રબર |
| રાહ | લખોટા | લાલચ | લીમડો | લોહી |
| લાત | લુહાર | લૂટારો | | |
| વડ | વહુ | વહાણ | વાઘ | વાત |
| વાદળ | વાસણ | વાળ | વાંદરો | વિમાન |
| વીણવું | વચ્ચે | વાણિયો | વીણવું | વન |
| વરસાદ | વહેણ | વિદ્યા | વિશેષ | વેપારી |
| વખાણ | વૃક્ષ | વાનગી | વકીલ | વસતી |
| વ્રત | વિદ્યાર્થી | વિવિધ | | |

૫૪

| | | | | |
|---|---|---|---|---|
| શાક | શિકારી | શેરડી | શંકર | શરીર |
| શેઠ | શિક્ષક | શીખ | શુદ્ધ | શહેર |
| શોખ | શબ્દ | શિષ્ય | | |
| સગડી | સફળ | સરસ | સસલું | સાંજ |
| સિંહ | સુંદર | સૂરજ | સવાર | સંતાકૂકડી |
| સ્ત્રી | સાણસી | સાતતાળી | સાબર | સાસરું |
| સિપાઈ | સિસોટી | સીમ | સુખડી | સૂતર |
| સગાવહાલાં | સરકાર | સરોવર | સાગર | સાઠ |
| સુથાર | સૂર્યાસ્ત | સેંકડો | સોનામહોર | સ્નાન |
| સ્લેટ | સમીર | | | |
| હોડી | હંસ હૃદય | હારબંધ | હજાર | હરીફાઈ |
| હળ | હંકારવું | હિસાબ | હાંડો | હોમવું |

૫૫ આ એક ચિંતા ઉપજાવે એવી હકીકત છે. આમ શાથી બન્યું એનો જો વિચાર કરીએ તો બેએક કારણો અભ્યાસીના ધ્યાન પર આવે છે.

૧. સંશોધનમાં પસંદ કરેલો નમૂનો આખા ગુજરાતના આ વયજૂથ શ્રેણીના વિદ્યાર્થીવસ્તીના પ્રતિનિધિત્વરૂપ નહીં હોય અને તેથી એમનું શબ્દભંડોળ આખા રાજ્યના વિદ્યાર્થીઓના પ્રતિનિધિત્વરૂપ ન યે હોય. એમાં સ્થાનિક બોલી અને વાપરશબ્દોનો ઉપયોગ વિશેષ થયો હોય.

૨. વાચનમાળાના સંપાદકોએ અપનાવેલા શબ્દપસંદગીનાં ધોરણો માટે કોઇ વૈજ્ઞાનિક પાયો નહીં હોય. જુદી જુદી વયકક્ષાના વિદ્યાર્થીઓના વાપર-શબ્દોની પ્રમાણિત યાદી ગુજરાતીમાં તૈયાર થઇ હોય એવું સંશોધકના જાણ્યામાં નથી. વાચનમાળાના પાઠો લખવા માંડતાં પહેલાં સંપાદકોએ જુદી જુદી શ્રેણી માટે શબ્દયાદીઓ તૈયાર કરી હતી કે કેમ તેની પણ સંશોધકને ખબર નથી.

આથી સંશોધક એવા નિર્ણય પર આવે છે કે જુદી જુદી વયકક્ષાના વિદ્યાર્થીઓના ભાષાશિક્ષણનું કામ હાથ ધરતાં પહેલાં અગર તો પાઠ્યપુસ્તકોની રચના કરવા માંડતા પહેલાં એમના ઓળખ વાપર શબ્દભંડોળની પ્રમાણિત(Standardized) યાદીઓ જો તૈયાર કરવામાં આવે તો આપણા પ્રથમ ભાષાના શિક્ષણને એક બુદ્ધિગમ્ય વૈજ્ઞાનિક પાયો પૂરો પાડી શકાય.

૫૬

[૬]

## ગૂજરાતી ભાષાના પહેલા એક હજાર શબ્દોની યાદી

પ્રમાણિત શબ્દયાદીઓ તૈયાર કરવાની આવશ્યકતા સ્વીકાર્યા પછી સંશોધકને વિચાર આવ્યો કે પ્રસ્તુત સંશોધનને આધારે શું આ દિશામાં કંઇ પ્રયાસ થઇ શકે ખરો? પ્રમાણિત યાદી તૈયાર કરવા અંગે પોતાના સંશોધનની મર્યાદા એમના ધ્યાન બહાર નહોતી. આમ છતાં સંશોધનમાં પ્રાપ્ત થયેલ ૬૯૭૩ વિવિધ શબ્દોમાંથી બાળકે સૌ પ્રથમ શીખવા જેવા પહેલા હજાર શબ્દો જો પસંદ કરી શકાય તો તે આ દિશામાં લીધેલું એક નક્કર પગલું ગણાય.

આવો પ્રયાસ અગાઉના સંશોધકોએ – ખાસ કરીને શ્રી કે. એસ. [illegible] વકીલે કર્યો હતો, પરંતુ એમણે પાંચમી શ્રેણીના વિદ્યાર્થીઓના વાપર શબ્દભંડોળમાંથી પહેલા હજાર શબ્દોની યાદી તારવી હતી. આ સંશોધકે પ્રાથમિક શિક્ષણના પ્રથમ તબક્કાને અનુલક્ષીને વાપર – શબ્દભંડોળ એકઠું કર્યું હોવાથી તેઓ જે યાદી તૈયાર કરે તેને જો માન્યતા મળે તો ગૂજરાતી ભાષાના વાપર – શબ્દોની પહેલી પાયાની યાદી બને. વધુ ચકાસણી અને વ્યાપક સંશોધનને આધારે આ યાદીને પ્રમાણિત બનાવી શકાય.

### વાપર શબ્દોની યાદી તૈયાર કરવા માટેનાં ધોરણો :

આથી આવી યાદી તૈયાર કરવાના વિચારને મૂર્ત સ્વરૂપ આપતાં પહેલાં સંશોધકે શબ્દોની પસંદગી કરવા માટે કેટલાંક ધોરણો (Norms) નક્કી કર્યાં. આમાં દેખીતી રીતે શબ્દનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને એના

૫૭ ઉપયોગની આવૃત્તિ યા વારંવારિતાને સૌ પ્રથમ લક્ષમાં લેવામાં આવી. આ દૃષ્ટિએ નીચેનાં ધોરણો સ્વીકારીને શબ્દોની પસંદગી કરવામાં આવી:

૧. શ્રેણી ૧ ના વિદ્યાર્થીઓએ પહેલીવાર વાપરેલા અને ત્યારપછીની ચારે શ્રેણીના વિદ્યાર્થીઓએ ફરીથી એક યા વધારે વખત વાપરેલા શબ્દો;

૨. શ્રેણી ૨ ના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા અને ત્યારપછીની ત્રણે શ્રેણીના વિદ્યાર્થીઓએ ફરીથી એક યા વધારે વખત વાપરેલા શબ્દો;

૩. વારંવારિતાના ધોરણે બનાવેલી ૧૮૫ શબ્દોની યાદી-માંના ઉપરોક્ત પસંદગીમાં સમાઇ ગયા ન હોય એવા શબ્દો (જુઓ: કોઠો ૮ , પાનું ૧૨૦) ;

૪. શ્રેણી ૧ - ૨ ના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા બાકીના શબ્દોમાંથી વિદ્યાર્થીઓના પ્રત્યક્ષાનુભવોને સ્પર્શતા હોય એવા પસંદ કરેલા શબ્દો; અને

૫. શ્રેણી૩-૪-૫ ના વિદ્યાર્થીઓએ પહેલી વાર વાપરેલા શબ્દોમાંથી ઉપરોક્ત ધોરણે પસંદ કરેલા શબ્દો.

કોઇપણ અભ્યાસી સહેલાઇથી જોઇ શકશે કે આમાં શબ્દભંડોળનાં વ્યાપ અને વારંવારિતાનાં સર્વમાન્ય ધોરણો અપનાવવામાં આવ્યાં છે. સંશોધકે ગૂજરાતી ભાષાના પહેલા એક હજાર શબ્દોની જે યાદી તૈયાર કરી છે તેને વધુ સંશોધન માટેની પ્રથમ યાદી તરીકે સ્વીકારવામાં કોઇને બાધ ન આવવો જોઇએ એમ સંશોધકનું માનવું છે.

## શબ્દભંડોળના વિકાસ માટેની એક યોજના :

આ યાદી તૈયાર કરવામાં સંશોધકનો એક હેતુ પ્રાથમિક શિક્ષણને પ્રથમ તબક્કે વિદ્યાર્થીના શબ્દ ભંડોળના વિકાસ માટે કંઇક વૈજ્ઞાનિક ધોરણે તૈયાર કરેલી યોજના પૂરી પાડવાનો પણ છે. આથી એમણે નીચેના પ્રશ્નો વિચાર્યાં:

૧. દરેક શ્રેણીમાં સામાન્ય વિદ્યાર્થીએ કેટલા શબ્દો પોતાના વાપર શબ્દભંડોળમાં આત્મસાત કરવા જોઇએ?

૨. જૂનિયર પ્રાથમિક શાળાના તબક્કાને અંતે, એટલે શ્રેણી ૪ થીને અંતે વિદ્યાર્થીએ કુલ કેટલા શબ્દો યથોચિત રીતે પોતાની અભિવ્યક્તિમાં વાપરતાં શીખી જવું જોઇએ?

૩. માનવી પોતાની ઇચ્છાઓ, જરૂરતો, વિચારો અને લાગણીઓ પૂરાં વાક્યોમાં વ્યક્ત કરતો હોવાથી એના શબ્દભંડોળમાં વસ્તુ શબ્દો (Content words) અને અનુબંધાત્મક શબ્દો (Structural words) નું પ્રમાણ કેટલું રાખવું?

પહેલા પ્રશ્નના જવાબમાં સંશોધકે એમ વિચાર્યું કે નીચે પ્રમાણે ૨૫૦૦ વાપર શબ્દો શીખવવાની યોજના તૈયાર કરવી યોગ્ય લેખાશે.

| | | |
|---|---|---|
| શ્રેણી | ૧ | ૫૦૦ શબ્દો |
| શ્રેણી | ૨ | ૫૦૦ શબ્દો |
| શ્રેણી | ૩ | ૭૫૦ શબ્દો |
| શ્રેણી | ૪ | ૭૫૦ શબ્દો |
| કુલ | | ૨,૫૦૦ શબ્દો |

૫૯

પહેલા હજાર શબ્દોની યાદી :

આ યોજના જો સ્વીકારાય તો એનો અર્થ એવો થાય કે પહેલાં એક હજાર શબ્દોની યાદી પહેલી બે શ્રેણીના અભ્યાસમાં તેમ જ પાઠ્યપુસ્તકમાં આવરી લેવી જોઇએ. આ હેતુને લક્ષમાં રાખીને સંશોધકે પહેલા હજાર શબ્દોને ચાર ભાગમાં વહેંચી નાખ્યા અને ક્રમ વાર તે યાદીઓનો ઉપયોગ પહેલી/તથા બીજી શ્રેણીના બે સત્રોમાં કરી શકાય એવું વિચાર્યું. અલબત્ત, આમાં કશો વિચાર છેવટનો ન હતો, આ યોજના માત્ર સૂચનરૂપે જ વિચારી હતી. એમાં શિક્ષક અથવા પાઠ્યપુસ્તકના સંપાદક પોતાને આવશ્યક લાગે એવા ફેરફારો – વિશેષે કરીને શબ્દોની ક્રમિક પસંદગી યા રજૂઆતમાં કરી શકે. આવશ્યક માત્ર એટલું જ કે દરેક વર્ષને અંતે ૫૦૦ – ૫૦૦ વાપર શબ્દો (જેમાં પણ વધુ સંશોધનને આધારે ફેરફારો થઇ શકે) વિદ્યાર્થીઓએ પોતાના ભાષાજ્ઞાનમાં દઢ પણે રૂઢ કરી લેવા જોઇએ.

ચારે યાદીમાં વ્યાકરણનાં કેટ કેટલાં પદો રાખવાં એનો અડસટ્ટો સંશોધકે નજર સમક્ષ રાખ્યો હતો, તે મુજબ શબ્દોની પસંદગી કરવામાં આવી છે. એની વિગત નીચે આપી છે:

| | પહેલી યાદી | બીજી યાદી | ત્રીજી યાદી | ચોથી યાદી | કુલ |
|---|---|---|---|---|---|
| નામ | ૧૪૦ | ૧૫૦ | ૧૫૦ | ૧૬૦ | ૬૦૦ |
| સર્વનામ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૬૦ |
| વિશેષણ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ | ૯૫ |
| ક્રિયાપદ | ૪૦ | ૩૦ | ૩૦ | ૨૫ | ૧૨૫ |
| અવ્યય | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૮૦ |
| કૃદંત | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૪૦ |
| | ૨૫૦ | ૨૫૦ | ૨૫૦ | ૨૫૦ | ૧૦૦૦ |

## શબ્દયાદી - ૪

### પહેલા એક હજાર ગુજરાતી શબ્દોની યાદી

[ ૧ ]

#### નામ

| | | | | |
|---|---|---|---|---|
| આગગાડી → | આંખ → | ઉતરાણ → | ઉધરસ → | ઉંદર |
| ઊંઘ | ઊંટ | ઓઢણું | કચોરી | કપ |
| કબૂતર | કમળ | કાકા | કાન | કાંકરો |
| કીડી | કૂજો | કૂતરો | કૂવો | કેરી |
| કેળું | ખીચડી | ગુલાબ | ઘઉં | ઘડો |
| ઘર | ઘોડાગાડી | ઘોડિયું | ઘોડો | ચકડોળ |
| ચકરડી | ચકલી | ચકલો | ચડ્ડી | ચંપો |
| ચાંચ | ચૂલો | ચાંદામામા | છત્રી | છાતી |
| છાશ | છાપરું | છોકરી | છોકરો | જમરૂખ |
| જાત્રા | જાંબુ | ઝભ્ભું | ઝાડ | ઝૂંપડું |
| ટામેટું | ટોપી | ઠળિયો | ડુંગર | ડોશી |
| ઢીંગલી | તડકો | તપેલી | તારા | ત્રાજવું |
| થાળી | દડો | દહીં | દરાખ | દાણો |
| દાદર | દાદા | દાળ | દાંત | દિવસ |
| દૂધ | દૂધી | નદી | નાક | નાળિયેર |
| નિશાળ | પથ્થર | પત્ર | પાણી | પાળ |
| પાંજરું | પાંદડું | પીછું | પીપળો | પુત્ર |
| પુલ | પુરી | પૂંછડી | પેટ | પેંડા |
| પોપટ | ફરાક | ફૂલ | ફેરિયો | બકરી |
| બટાકા | બદામ | બરફી | બળદ | બંગડી |
| બાળક | બિલાડી | બુટ્ટી | [illegible] | બુશકોટ |

૨

| | | | | |
|---|---|---|---|---|
| ભાત | મગર | મા | માણસ | માટલું |
| માથું | મીઠાઇ | મોટર | મોર | મોસંબી |
| મોં | રકાબી | રમકડું | રસ્તો | રોટલી |
| રોટલો | લખોટો | લાડવો | વડ | વહાણ |
| વાઘ | વાડો | વાંદરો | વિમાન | શાક |
| શિખંડ | શિયાળ | શેરડી | સાડી | સાઇકલ |
| સૂરજ | સસલું | હજામ | હાથ | હાથી |
| હોડી | | | | |

## સર્વનામ

| | | | | |
|---|---|---|---|---|
| અમે | આ | એ | કોણ | તમે |
| તું | (જે) | (તેઓ) | તેણે | તેમણે |
| (તેં) | પેલું | મેં | શું | હું |

## વિશેષણ

| | | | | |
|---|---|---|---|---|
| એક | ઊંચું | કાળું | કેટલું | કેવું |
| ખાટું | ઘણું | ચાર | છેલ્લું | ત્રણ |
| ત્રીજું | થોડું | ધોળું | નાનું | નીચું |
| પહેલું | પાંચ | પીળું | બહુ | બીજું |
| બે | મોટું | લાલ | સફેદ | સુંદર |

## ક્રિયાપદ

| | | | | |
|---|---|---|---|---|
| આપવું | ઊડવું | ઊઠવું | ઊંઘવું | કરવું |
| કહેવું | કાપવું | ખાવું | ખેંચવું | ગાવું |

3

| | | | | |
|---|---|---|---|---|
| ચાલવું | છાંટવું | છું | છીએ | છે |
| જમવું | જોવું | દોડવું | નાહવું | પકડવું |
| પડવું | પહેરવું | પાળવું | પૂછવું | ફેંકવું |
| ફોડવું | બેસવું | ભણવું | ભસવું | માંડવું |
| મૂકવું | રમવું | રંગવું | લખવું | વણવું |
| વાગવું | વાંચવું | વીણવું | સાંભળવું | સૂવું |

## અવ્યય

| | | | | |
|---|---|---|---|---|
| અથવા | અને | આગળ | આજે | કેમ |
| જલદી | તો | ત્યાં | દરરોજ | નથી |
| પછી | પણ | પર ઉપર | પહેલાં | પાછળ |
| પાસે | માટે | સાથે | સામે | હવે |

## કૃદંત

| | | | | |
|---|---|---|---|---|
| કરીને | ખાઇને | જોવા માટે | પહેરવા માટે | પાળીને |
| રમવા માટે | રમીને | શોધવા માટે | સાંભળીને | વંચાવીને |

[૨]

## નામ

| | | | | |
|---|---|---|---|---|
| આંસું → | ઇચ્છા → | ઈંડું → | ઉધઇ → | ઓટલો |
| કઠિયારો | કડી | કાંગારુ | કુહાડી | કૂકડો |
| ખજૂરી | ખભો | ખમીસ | ખૂણો | ખૂંધ |
| ખેતર | ગજવું | ગરેડી | ગિલ્લીદંડા | ગુમડું |

૪

| | | | | |
|---|---|---|---|---|
| ગુરુ | ઘાસ | ઘુવડ | ઘોડો | ચણિયો |
| ચામડી | જરસી | જળ | જળદેવી | જીભ |
| જૂઇ | જેલ | ઝૂમખું | ડોલ | ડોસો |
| ઢગલો | ઢીંગલી | ઢોકળું | તલવાર | તગિયો |
| તેલ | દરિયો | દાતણ | દિશા | દીકરો |
| દુ:ખ | દૂધપાક | દેગડો | ધોતિયું | તળ |
| નારંગી | નાળું | નોકર | પકડદાવ | પડછાયો |
| પડીકું | પત્ની | પવન | પવાલી | પહાડ |
| પંખો | પંખી | પાક | પાપડ | પારણું |
| પારધી | પાઉ | પાંપણ | પ્યાલી | પ્યાલો |
| ફળ | ફળિયું | બકરો | બજાર | બતક |
| બલૂન | બસ | બંદૂક | બા | બારણું |
| બેટ | બેન | બોલ | ભજિયું | ભમરડો |
| ભરતી | ભાઇ | ભાજી | ભાતદાળ | ભીલ |
| ભીંડા | ભૂખ | મગ | મછવો | મટકું |
| મધમાખી | મમરા | મરઘી | મરચું | મરી |
| મસ્જિદ | માતા | મામા | માલિક | મીઠું |
| મુનિ | મોઢું | રત્ન | રણારી | રમત |
| રંગ | રીંછ | રોપો | લડાલડી | લાકડું |
| લાલચ | લેંઘો | લોકો | લોખંડ | લોટ |
| લોટો | લોઢું | લોભ | લોહી | વણત |
| વજન | વડું | વરસગાંઠ | વાછરડું | વાણિયો |
| વાદળ | વાર | વારો | વાસણ | વેંગણ |
| વૈદ | શરીર | શેઠ | શેરી | સફરજન |
| સમડી | સવાર | સસલી | સંતાકૂકડી | સંપ |
| સ્કૂટર | સ્ત્રી | સ્વેટર | હલવો | હાડકું |
| હોળી | | | | |

૫

## સર્વનામ

| | | | | |
|---|---|---|---|---|
| અમને | અમારું | આપ | આપણે | (કેટલું) |
| (કોનું) | ગમે તે | તને | (તમને) | (તમારું) |
| તારું | તેનું | (તેમનું) | મને | મારું |

## વિશેષણ

| | | | | |
|---|---|---|---|---|
| ઓછું | ઊંચું | કયું | કાચું | ખુશ |
| ગરમ | ગંદું | (ચોખ્ખું) | ચોથું | જૂનું |
| જેવું | (ટૂંકું) | ઠંડું | તેવું | નવું |
| (પહોળું) | પાકું | (પાંચમું) | પોચું | રાતું |
| રૂપાળું | વધારે | વાંકું | સાંકડું | (સીધું) |

## ક્રિયાપદ

| | | | | |
|---|---|---|---|---|
| કાઢવું | ખરીદવું | ગમવું | ગણવું | ઘટવું |
| ચડવું | ચરવું | ચાટવું | છૂટવું | છોડવું |
| જાણવું | ડોલવું | થાકવું | તરવું | તૂટવું |
| નાસવું | નીકળવું | પચવું | પાડવું | ફરવું |
| બેસવું | ભજવું | ભાળવું | માગવું | મારવું |
| રખડવું | રેડવું | લેવું | લાવવું | શીખવું |

## અવ્યય

| | | | | |
|---|---|---|---|---|
| આથી | આજુબાજુ | ક્યાં | કશું | કે |
| જરા | તથા | તરત | તેથી | ત્યારે |
| ના | પાછું | બહાર | વચ્ચે | વડે |
| હજી | હમણાં | હા | હૂપ | હેઠું |

## કૃદંત

| | | | | |
|---|---|---|---|---|
| કરનારો | ચાલનારો | જોઈને | થાકેલો | પાળેલો |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ થાકેલો | પડતું | પાડીને | રેડીને | લઇને |

[ ૩ ]

## નામ

| | | | | |
|---|---|---|---|---|
| અડદ → | અનનાસ → | આખલો → | આગબોટ → | આંતરડું |
| ઉંટગાડી | અરીસો | આસોપાલવ | કડછી | કણકી |
| કપાસ | કબાટ | કમરક | કલગી | કાગળ |
| કાકડી | કાકાકૌઆ | કાગડી | કારેલું | કાંટો |
| કાંદો | કિરણ | કીકી | કીચડ | કોડી |
| કોપરેલ | કોયલ | કનકતારા | ખટારો | ખાટલો |
| ખાદી | ખુદા | ગધેડો | ગળું | ગાડું |
| ગુલમોર | ગોટલી | ગોદડું | ઘડિયાળ | ઘરેણું |
| ઘાઘરો | ઘેટું | ચણા | ચપાટી | ચમચો |
| ચક્ર | ચંપલ | ચેવડો | ચીકું | ચીભડું |
| જાદુગર | જામફળ | જુવાર | ઝૂલો | ઝાંઝર |
| ટિકિટ | ટિકિટબારી | ટીકડી | ટેકરો | ટેબલ |
| ટોપલી | ઢેલ | ઢોર | તકિયો | તડબૂચ |
| તવેથો | તાડ | તીર | તુવેર | તુરિયું |
| દરજી | દાતરડું | દિવાળી | દીકરી | દુકાન |
| દુકાનદાર | દેડકો | દાડમ | દોરડું | નાસપતી |
| પતંગ | પપૈયું | પલંગ | પાટલી | પાટિયું |
| પાન | પાંખ | પેન | પેન્સિલ | પોલીસ |
| ફુગ્ગો | ફૂટબોલ | ફોલ્લો | ફ્રોક | બરફ |

૭

| | | | | |
|---|---|---|---|---|
| બંગલો | બાજરી | બાબાગાડી | બારી | બંડી |
| ભગવાન | ભજન | ભમરો | ભમરડો | ભરવાડ |
| ભેંસ | ભૈયો | ભોંયરું | મકાઈ | મગફળી |
| મધ | મહિનો | મહેમાન | મહેલ | માખણ |
| માટી | માળી | મૂળો | મેથી | મેના |
| મેશ | મેળો | મોચી | મોરલી | રતાળુ |
| રાજગાદી | રાત | રામફળ | રાયણ | રાઈતું |
| રૂપિયો | રૂમાલ | રેંડિયો | રેવડી | લાત |
| લુહાર | લીંબુ | વરસાદ | વરૂ | વીજળી |
| વેપારી | શાકવાળો | શાળા | શિંગડું | શેતૂર |
| શક્કરટેટી | સંતરું | સાકર | સાણસી | સાતતાળી |

## સર્વનામ

| | | | | |
|---|---|---|---|---|
| એણે | એમનું | કઈ | કશું | (કોઈનું) |
| જે | જેણે | જેનું | જેનેજેને | તેનામાં |
| તેમાં | પોતે | પોતાનું | મારામાં | શેનું |

## વિશેષણ

| | | | | |
|---|---|---|---|---|
| અપંગ | આવું | આંધળું | ઉપયોગી | એકલું |
| ખરાબ | (ખરું) | ગરીબ | ગુલાબી | ગોરું |
| ઘરડું | છૂપું | જમણું | જુદું | જૂઠું |
| (ડાબું) | દરેક | ધનવાન | નઠારું | (બહેરું) |
| બાડું | (લંગડું) | લૂલું | સાચું | સારું |
| આથમવું | આવડવું | ઓળખવું | ખેડવું | જીતવું |
| જીવવું | ઝૂંટવવું | ડૂબવું | નવડાવવું | નાચવું |
| પાકવું | બાંધવું | ભટકવું | માનવું | માંડવું |
| મેળવવું | રહેવું | રાખવું | રોવું | લગાડવું |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ લટકવું | લીંપવું | લૂંટવું | શોધવું | સમજવું |
| સંભાળવું | સુવડાવવું | વસાવવું | હારવું | હોવું |

## અવ્યય

| | | | | |
|---|---|---|---|---|
| અગાઉ | અચાનક | ખરેખર | ઘેરેઘેર | ચપચપ |
| છેવટે | જેમતેમ | જોડે | જોરથી | ઝટપટ |
| તેટલે | તેવામાં | ત્યારબાદ | ધીમેધીમે | ધીરેધીરે |
| ને | માહોમાહે | લગભગ | વાગ્યે | વાહ |

## કૃદંત

| | | | | |
|---|---|---|---|---|
| આથમતો | આવડતી | ખેડેલી | ઠરેલું | ડૂબતો |
| નાહીને | લટકતું | લીંપેલી | હારીને | હારેલો |

[ ૪ ]

## નામ

| | | | | |
|---|---|---|---|---|
| અખરોટ → | અજગર → | અજવાળું → | અમાસ → | આઇસક્રીમ |
| આગ | આદમી | આશીર્વાદ | આસન | આંગણું |
| ઇનામ | ઉત્સવ | ઉનાળો | કઠેરો | કળણી |
| કલાક | કંકુ | કંટાળું | કંદ | કંદોરો |
| કાપડિયો | કાંઠલો | કાંઠો | કિલ્લો | કુલફી |
| કુંભાર | ખબર | ખલ | ખાડો | ખિલોનું |
| ખિસ્સું | ખેડૂત | ખેતી | ખેલ | ખાંડ |
| ખજૂર | ગણવેશ | ગરીબ | ગરોળી | ગલ્લો |
| ગંજીફરાક | ગાજર | ગાડીવાળો | ગાદી | ગાંઠિયો |
| ગિરદી | ગુફા | ગુસ્સો | ગેડી | ગોખલો |
| ગોળી | ઘંટી | ચા | ચાક | ચારો |

| | | | | |
|---|---|---|---|---|
| ચાસ | ચટણી | ચમેલી | ચીસ | છોડ |
| જન્મ | જમણ | જમીન | જાળ | જાળિયું |
| જિરાફ | જીપ | જીબ્રા | જોડા | ઝાડી |
| ઝોળી | ઝભ્ભો | ટુકડો | ડબો | ડાળ |
| ડુંગર | ડુક્કર | ડોળો | ડોળી | ઢાંકણ |
| ઢોલ | તકરાર | તગારું | તબલું | તંબૂરો |
| તાસ | તાપી | તુલસી | તોરણ | થાંભલો |
| થેલી | દરવાજો | દવાખાનું | દહાડો | દહીંવડું |
| દાક્તર | દાગીનો | દારૂખાનું | દાઢી | દીવો |
| દીપડો | દૂરબીન | નાસ્તો | નોળિયો | પ્યાજ |
| પરીક્ષા | પશુ | પંજો | પૂનમ | પુરુષ |
| પરવળ | ફટકો | ફણસ | ફેફસું | ફોટો |
| બચ્ચું | બટાકાપૌંઆ | બાસુદી | બ્લાઉઝ | બૂટ |
| બેટા | ભાઇબંધ | ભારત | મકાન | મજૂર |
| મઠ | મઠિયું | મણકો | મલાઇ | મહાવત |
| મંકોડો | મંજીરા | માલગાડી | માલણ | મારવાડી |
| મુગટ | મુસાફર | મૂર્તિ | મેજ | મેથીપાક |
| મેદાન | મોગરો | મોજાં | મૃગલું | રજા |
| રબર | રંગોળી | રંગપેટી | રંગપોથી | રાજરાણી |
| રેલગાડી | રેંટિયો | રોશની | લડાઇ | લસરપટ્ટી |
| લાદી | લેંઝીમ | વણાણ | વર્ગ | શહામૃગ |

## સર્વનામ

| | | | | |
|---|---|---|---|---|
| અમુક | ઇતર | કોઇ | કોણે | કોને |
| તારાથી | તેમના | દરેક | [illegible] | પોતે |
| બધા | મારાથી | શાનું | શાથી | શેમાં |
| સૌ | | | | |

૧૦

## વિશેષણ

| | | | | |
|---|---|---|---|---|
| આટલું | આળસું | ઉજાળું | ઉંડું | કૂડવું |
| (કદરૂપું) | ખબરદાર | ખાટું | ખારું | ગર્વું |
| છીછરું | છૂટું | તાજું | દેખાવડું | મહેનતું |
| (મોંઘું) | (રેશમી) | ~~સૂતર~~ | વાસી | સૂતરાઉ |
| સસ્તું | | | | |

## ક્રિયાપદ

| | | | | |
|---|---|---|---|---|
| ઉઠાડવું | કંટાળવું | ખવડાવવું | ખીજવવું | ખીજવાવું |
| ગભરાવું | ગભરાવવું | ગોંધવું | ચરકવું | જાગવું |
| જગાડવું | દાઝવું | દોડાવવું | પકડાવવું | પચાવવું |
| ભીંજવવું | માણવું | લટકાવવું | સળગવું | સળગાવવું |
| સંતાવું | સુધારવું | હરખાવું | હલાવવું | હંકારવું |

## અવ્યય

| | | | | |
|---|---|---|---|---|
| અરેરે | આમતેમ | આસપાસ | ~~અમેતેમ~~ | કદાચ |
| ખાતરીપૂર્વક | ગમેતેમ | ધસધસાટ | ચોક્કસ | જેમજેમ |
| તેમતેમ | ન | નક્કી | નજીક | નહિ |
| પોકેપોક | વિશે | વારંવાર | વાસ્તે | સરાસરી |
| હારબંધ | | | | |

## કૃદંત

| | | | | |
|---|---|---|---|---|
| કહ્યો | ગભરાતો | ગાજ્યો | ચાલતાંચાલતાં | પાળનારો |
| ફરફરતું | બોલાવીને | શોધતાં | સંઘરેલું | હરખાતી |

## વધુ સંશોધન માટે કેટલાંક સૂચનો :

આ યાદી તૈયાર કરવાનો વિચાર ગુજરાતી વિદ્યાર્થીના માતૃભાષાના શિક્ષણનો પાયો સુવ્યવસ્થિત પૂર્વ-યોજના અને ક્રમિકતાના સિધ્ધાંતને અનુલક્ષીને પૂરો પાડવાનો છે. સારું જેવું સંશોધન માગી લે એવું આ કામ છે. આ ક્ષેત્રમાં અત્યારે કોઇ વૈજ્ઞાનિક પૂર્વ - યોજના હોય એવું લાગતું નથી. પરિણામે વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળાની પહેલી ચાર - પાંચ શ્રેણીઓમાં શીખવાતા શબ્દોની સંખ્યા યા પસંદગીનું કોઇ બહુમાન્ય ધોરણ અપનાવાયું હોય એમ દેખાતું નથી. આ દિશામાં હેતુલક્ષી પ્રયાસ કરવાની આવશ્યકતા ઉપર પહેલા હજાર શબ્દોની યાદી તૈયાર કરીને સંશોધક ભાષાશિક્ષણના સંયોજકોનું ધ્યાન દોરવા ચાહે છે.

આ કામને પૂર્ણ વૈજ્ઞાનિક સ્વરૂપ આપવાને શું કરવું ઘટે તે વિશે થોડાંક સૂચનો અહીં આપ્યાં છે:

૧. વધુ મોટો ને ગુજરાતી વિદ્યાર્થીઓના પ્રતિનિધિત્વ-વાળો નમૂનો લઇને પહેલા ૨૦૦૦ શબ્દોની યાદી પ્રમાણિત કરવી.

૨. શ્રેણી ૩ - ૪ ના વિદ્યાર્થીઓ માટે બીજા ૧૫૦૦ વાપર શબ્દોની પ્રમાણિત યાદી તૈયાર કરવી.

૩. ત્યારપછીના શાળેય શિક્ષણના બે તબક્કામાં, એટલે શ્રેણી ૫ - ૬ - ૭ માં અને શ્રેણી ૮ - ૯ - ૧૦ માં વિદ્યાર્થીના ઓળખ તથા વાપર શબ્દ ભંડોળના વિકાસની યોજના માધ્યમિક શિક્ષણને અંતે વિદ્યાર્થી પોતાની માતૃભાષાના કેટલા કુલ શબ્દો વાપરી શકે તે નક્કી કરવું.

૪. ઉપરોકત યોજનાને આધારે તબકકાવાર તેમ જ શ્રેણીવાર પ્રમાણિત શબ્દ યાદીઓ તૈયાર કરવી.

આવી પ્રમાણિત શબ્દયાદીઓને આધારે પાઠયપુસ્તકોનું સંપાદન કરવું કે જેથી નિયત કરેલા શબ્દો વિદ્યાર્થી પોતાની અભિવ્યકિતમાં યથેચ્છ રીતે વાપરી શકે.